સુવિચાર

''આવનારા સમયમાં એમ પણ બની શકે કે, માણસ મશીન બની જાય ને મશીન માણસ''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૨૯/૦૮/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
ઓરેંજ ચોકલેટ મોદક
સ્ટ્રોબેરી ચોકલેટ મોદક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ભાદરવા સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૨૧૯

પારદર્શી વહીવટનાં દાવા વચ્ચે શહેરીજનો એકબીજાને પુછપરછ કરવા મજબુર

અમરેલીમાં માર્ગ બને કે સર્કલ બને તેની કોઈ જાણકારી અપાતી નથી

- શહેરીજનોનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે શહેરનાં રાજમાર્ગોનું નવિનીકરણ તો થાય છે પણ તેની કોઈ સત્તાવાર જાણકારી અપાતી નથી
- સરદાર સર્કલે ૨ દિવસથી તોડફોડ કરીને સર્કલને નવું બનાવવાનું શરૂ થયું પણ તેની ડીઝાઈન જાહેર થતી નથી
- કોઈપણ વિકાસ કાર્ય શરૂ કરતાં પહેલા જનતા જનાર્દનને તમામ જાણકારી સત્તાવાર રીતે આપવી જોઈએ
- પાલિકા, માર્ગ-મકાન વિભાગ ઘરની ધોરાજીની જેમ વિકાસ કાર્યો શરૂ કરતી હોય કોઈ પુછવાવાળુ જ નથી

અમરેલી, તા. ૨૮

અમરેલી શહેર એ નધણિયાત હોય તેમ પાલિકા અને માર્ગ–મકાન વિભાગ દ્વારા જનતાનાં પરસેવાનો પૈસાથી થતાં વિકાસ કાર્યો અંગે નિયમ મુજબ નાગરિકોને સઘળી વિગતો જણાવવી જરૂરી હોવા છતાં પણ સત્તાના મદમાં શાસકો મનફાવે તે રીતે માર્ગ બનાવે કે સર્કલ બનાવે તેની માહિતી દર્શાવતુ સાઈન બોર્ડ કે કોઈ ડીઝાઈન કામનાં સ્થળે દર્શાવાતી ન હોય શહેરીજનો એકબીજાને પુછી રહયા છે. શુ બને છે, કેવી રીતે બનશે, કેટલો ખર્ચ થશે.

જયારે જનતા જનાર્દનનાં પરસેવાનાં નાણાથી વિકાસ કાર્યો બનતા હોય કે જનતા જનાર્દનની ઉપયોગી જમીનમાં કોઈ સંસ્થા કોઈ બાંધકામ કરતી હોય તો તેઓએ પણ સઘળી હકીકતો દર્શાવતુ સાઈન બોર્ડ લગાવવાનુ હોય છે પરંતુ કોઈ પુછવાવાળુ હોતુ નથી એટલે મનફાવે તે રીતે કામ થયા કરે છે.

શહેરમાં ચિતલ રોડ, વરસડા રોડ, જેશીંગપરા રોડ અને સરદાર સર્કલનુ રીનોવેશન શરૂ થયુ છે પણ કઈ એજન્સી, કયા સરકારી વિભાગ કેટલો ખર્ચ કરે છે તે અંગે કોઈ સત્તાવાર જાણકારી મળતી નથી.

ચાવંડ અને સોઢાપરા ગામનો બનાવ

લાઠી અને ધારી પંથકમાં અલગ–અલગ બનાવમાં ૨ ભેંશનું ઈલેકટ્રીક શોકથી મોત

રૂપિયા ૨.૧૦ લાખની ૨ ભેંશનાં મોત

અમરેલી, તા. ૨૮

લાઠી તથા ધારી પંથકમાં અલગ અલગ બે બનાવમાં ભેંસને ઈલેકટ્રીક શોક લાગતા બંને બનાવમાં ભેંસનામોતનિપજયાનુંપોલીસમાંજાહેર થવાપામેલછે.

પ્રથમ બનાવમાં લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા અનેપશુપાલન અને ખેતીનું કામ કરતાં બાબુભાઈ વાઘાભાઈ ચોસલા નામના ઉપવર્ષિયયુવકગતતા.૨૬નાસવારના

અનુસંધાન પાના ૬ ઉપર

નાયબ કલેકટરનાં અધ્યક્ષ સ્થાને પ્રથમ બોર્ડની સાથે

અમરેલી : અમર ડેરીનું સમગ્ર બોર્ડ બિનહરિફ જાહેર થયા બાદ આવતીકાલે પ્રમુખ–ઉપપ્રમુખની વરણી

જિલ્લાનાં પશુપાલકો માટે આશીર્વાદરૂપ બનેલ ''અમર ડેરી'' ખાતે ખેઠક યોજાશે

અમરેલી, તા. ૨૮

તાજેતરમાં યોજાયેલ 'અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ –અમર ડેરી'ની ચૂંટણીમાં સહકારી પ્રવૃતિ અને ડેરી સંચાલન ઉપર સંપૂર્ણ વિશ્વાસ થકી સમગ્ર બોર્ડ બિનહરિફ જાહેર થયા બાદ, ડેરીની સર્વ પ્રથમ બોર્ડ મીટીંગ આગામી તા. ૩૦/૮/૨૫, શનિવારના રોજ બપોરના ૩:૦૦ કલાકે યોજાશે જેના અધ્યક્ષ સ્થાને નાયબ કલકેટર ઉપસ્થિત રહેશે.

બિનહરિફ થયા બાદના પ્રથમ બોર્ડ મીટીંગમા પ્રમુખ અને ઉપ પ્રમુખની વરણી થનાર હોઈ, બોર્ડ ઓફ ડીરેકટર્સમાંથી પ્રમુખ–ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા હાથ ધરીને પદાધિકારીઓ જાહેર કરવામા આવશે તેમ અમર ડેરીની એક અખબારી યાદીમા જણાવાયેલ છે.

ભાવનગરનાં વાવડી ગામનાં ઈસમનું કારસ્તાન

બાબરામાં રહેતી મહિલાનાં લોનનાં બ્હાનાતળે દસ્તાવેજ મેળવી છેતરપીંડી

રૂપિયા ૨૪.૮૦ લાખની રકમની છેતરપીંડીની ફરિયાદ

અમરેલી, તા. ૨૮

ભાવનગર જિલ્લાના વાવડી ગામે રહેતા રવિરાજસિંહ પરમાર નામના આરોપીએ પોતાના આર્થીક લાભ મેળવવા સારૂ બાબરા દ્વારકેશ સોસાયટી મકાન નં. બી–૭૫ માં રહેતી હીનાબેન આશીષભાઈ કલ્યાણભાઈ રોલેસીયા નામની મહિલાને લોન

અનુસંધાન પાના ૬ ઉપર

વ્હેલી સવારે તસ્કરે કળા કરી

બગસરાનાં પીઠડીયા ગામે પાનની દુકાનમાંથી ૪ હજારનાં મુદ્દામાલની ચોરી

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૮

બગસરા તાલુકાના પીઠડીયા ગામે રહેતા પિયુષભાઈ ચતુરભાઈ ડાબસરા નામના ૨૬ વર્ષિય વેપારીની પીઠડીયા ગામે આવેલ જય વેલનાથ પાનની દુકાનમાં ગતતા.૨૫ના રોજ વહેલી સવારના ૩:૪૮ થી ૪ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે દુકાનનો દરવાજો તોડી દુકાનની અંદર પ્રવેશ કરી દુકાનમાં લગાવેલ કેમેરાનુ મોઢુ ફેરવી નાખી ટેબલના ખાનામાંથી આશરે રૂા. ૨૦૦૦ તથા ટેબલની નીચે રહેલ પ્લાસ્ટીકના ડબલામાં રહેલ સીગારેટના પાકીટ કિંમત આશરે રૂા. ૨૦૦૦ મળી કુલ રૂા. ૪૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ભાવભરી શ્રધ્ધાંજલિ

સ્વ. વલ્લભભાઈ વિરજીભાઈ ખેતાણી
સ્વ. તા. ૨૭/૦૮ /૨૦૨૫, બુધવાર

આપનાં સ્નેહભર્યા સ્વભાવની મિઠી સુવાસ સદાય હૈયે રહેશે, ના વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ સ્વભાવ, કુંટુંબભાવના લાગણીશીલ સ્વભાવ સદાય અમારા હૃદયમાં ગુંજયા કરશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
નિલેશભાઈ મોહનભાઈ દેસાઈ
અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
91,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ કીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઈએ છે
Sheetal ICE CREAM
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ નીચે મુજબના સરનામે ઓરીજનલ હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ ફુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

અમરેલીનાં નાગનાથ મંદિરમાં મુક બધિર શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ગણેશવંદના

અમરેલીમાં આવેલ નાગનાથ મંદિરના પટાંગળ ખાતે નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજીત સાર્વજનિક ગણપતિ ઉત્સવ વર્ષ ૧૨૬ મુની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે આજરોજ સંધ્યા આરતી મંદ બુધ્ધિરના વિદ્યાર્થીઓ અને અંધશાળાના વિદ્યાર્થીઓના હસ્તે મહાઆરતીનું આયોજન કરાયુ હતું. તેમ રાજનભાઈ જાનીની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

ઉનાનાં પૂર્વ ધારાસભ્યનો મુખ્યમંત્રીને વેધક પ્રશ્ન

જાફરાબાદનાં દરિયામાંથી ૯ સાગરખેડૂઓ લાપતા બન્યા હોય જવાબદાર કોણ ? : પૂંજાભાઈ વંશ

ફિશરીઝ વિભાગે સાગરખેડૂને ટોકન શુ કામ ઈસ્યુ કર્યા

અમરેલી, તા.૨૮

ઉનાનાં પૂર્વ ધારાસભ્ય પૂંજાભાઈ વંશે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને વેધક પ્રશ્ન કરતો પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં જાફરાબાદનાં દરિયામાં ઉબોટ તોફાની વાતાવરણને કારણે ડુબી ગયેલ. બોટોમાં સવાર ૧૭ સાગરખેડુઓને અન્ય બોટો દ્વારા બચાવી લેવામાં આવ્યા છે. ૧૧ સાગરખેડુઓ લાપતા હતા, તેમાંથી ૨ સાગરખેડુઓના મૃતદેહ મળ્યા છે અને હજુ ૯ સાગરખેડુઓ બનાવ બન્યાના આટલા લાંબા સમય બાદ પણ લાપતા છે, આના માટે જવાબદાર કોણ?

વધુમાં જણાવેલ છે કે, દરિયો તોફાની હોય, હવામાન સારૂ ન હોય, પવન ફૂંકાતો હોય ત્યારે ફીશરીઝ વિભાગ દ્વારા માછીમારોને દરિયામાં જવા માટેના ટોકન ઈસ્યુ કરવામાં આવતા નથી તેમજ ૧–૨–૩ નંબરના સિગ્નલો પણ બંદર ઉપર મૂકવામાં આવે છે તેમજ દરિયામાં ન જવાની જાહેરાતો આપવામાં આવે છે. સદર બનાવમાં ગત તા. ૧૬/૮/૨૫ના રોજ ફિશરીઝ વિભાગ દ્વારા બોટ માલિકોને ટોકન ઈસ્યુ કરવાનું શરૂ કરવામાં આવેલ, જે તા. ૧૯/૮/૨૫ના દિવસ સુધી ટોકન ઈસ્યુ કરવામાં આવતા હતા. વાસ્તવમાં આ દિવસો દરમિયાન ભારે વરસાદ સાથે પવન

ફૂંકાશે તેવી હવામાન નિષ્ણાતો દ્વારા સતત આગાહી કરવામાં આવેલ હોવા છતાં ફિશરીઝ વિભાગ દ્વારા ટોકન શા માટે ઈસ્યુ કરવામાં આવ્યા ? કુલ કેટલા ટોકન ઈસ્યુ કરવામાં આવ્યા ? ટોકન આપવાનું બંધ ક્યારે કરવામાં આવેલ ? દરિયામાં ન જવા માટે કઈ તારીખે કેટલા નંબરનું સિગ્નલ મૂકવામાં આવ્યું ? આ તમામ બાબતે ઊંડાણપૂર્વક નીતપાસ કરવી જરૂરી બને છે.

વધુમાં જણાવેલ છે કે, તા. ૧૯/૮/૨૫ના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યાના સમયગાળામાં બોટ માલિકો દ્વારા સ્થાનિક ફીશરીઝ અધિકારીને પોતાની બોટોનો કોન્ટેકટ થતો ન હોવાનું જણાવ્યા બાદ સ્થાનિક પ્રશાસન દ્વારા તાત્કાલિક અસરથી કેવા અને કયા પ્રકારના પગલાંઓ લેવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે ? તેની તપાસ કરવી પણ જરૂરી બને છે.

વધુમાં જણાવેલ છે કે, કોઈ પણ પ્રકારની ઘટના કુદરતી, માનવસર્જિત અથવા અજાણતા નાની–મોટી ભૂલોના કારણે થતી હોય છે, પરંતુ આવી ઘટનાઓ બન્યાની જાણ થતાં ત્વરિત જ વિના વિલંબે નિર્ણયો કરી કાર્યવાહી કરવામાં આવે, પગલાં ભરવામાં આવે તો જાનમાલને થતું નુકસાન અટકાવી શકાય, સાથોસાથ માનવ જિંદગીઓને પણ બચાવી શકાય. સદર બનાવવામાં તેમ બન્યું હોય તેવું સાગર–ખેડુઓ, બોટ માલિકો, આમ પ્રજાજનોને લાગતું નથી. તા. ૧૯/૮/૨૫ના રોજ સ્થાનિક પ્રશાસનને જાણ થતા તુરત જ નેવી, કોસ્ટગાર્ડ, વાયુસેના તેમજ સ્થાનિક બોટ માલિકોનો સહકાર મેળવી બચાવ કામગીરી કરવામાં આવી હોત તો બોટોને કદાચ બચાવી ન શકાય પરંતુ સાગરખેડુઓને બચાવી શકાયા હોત, અને આ સાગરખેડુઓના નાના–નાના બાળ કોએ પિતાની છત્રછાયા ગુમાવી ન હોત.

વળી, સરકારના નિયમો મુજબ હાલ મળતું સહાયનું ધોરણ ખૂબ જ ઓછું છે, જેથી સહાયમાં વધારો કરી સાગરખેડુઓના પરિવારજનોને પૂરતી સહાય આપવી જરૂરી છે.

લાપતા થયેલ સાગરખેડુઓના પરિવારો નિઃસહાય બન્યા છે ત્યારે નીચેની વિગતે આપનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરૂ છું. (૧) મૃત્યુ પામેલ સાગરખેડુઓના પરિવારોને રૂા. ૨૫ લાખની આર્થિક સહાય કરવામાં આવે, (૨) સદર ઘટનામાં બોટ ગુમાવનાર બોટ માલિકોને રૂા. ૫૦ લાખની આર્થિક સહાય કરવામાં આવે, (૩) જયારે–જયારે દરિયામાં આવા બનાવો બને ત્યારે બચાવ કામગીરી માટે જરૂરી આધુનિક સાધનોની નિષ્ણાત ટીમોની મોટા બંદરો ઉપર વ્યવસ્થા કરવામાં આવે, (૪) હાલ સાગરખેડુઓ લાપતા છે, તેની જે બોટ ડૂબી ગઈ છે તે સ્થળે નિષ્ણાતો દ્વારા ડૂબી ગયેલ બોટ સુધી પહોંચી કેબિનોમાં ફસાયેલ હોય તેની તપાસ કરાવવી જોઈએ.

ઉપરોકત હકીકતોને ધ્યાને લઈ ગંભીરતાપૂર્વક તપાસ કરાવી જરૂરી કાર્યવાહી કરવા તેમજ ઉપર જણાવ્યા મુજબની આર્થિક સહાય કરવા મારી અંતમાં માંગ કરેલ છે.

અમરેલી : પોસ્ટલ સોસાયટીમાં આસ્થાભેર ગણેશોત્સવની ઉજવણી

અમરેલી, તા. ૨૮

અમરેલી શહેરમાં લગભગ ૪૦૦થી પણ વધુ સ્થળોએ ગણેશોત્સવની ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી થઈ રહી છે. ત્યારે અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ પોસ્ટલ સોસાયટીમાં સૌ પ્રથમ વખત ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ઉજવણી માટે વિઘ્નહર્તા ગૃપ દ્વારા 'પોસ્ટલ સોસાયટી ચા મહારાજા'ની સવાર–સાંજ આરતી, પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ સોસાયટીમાં રહીશો ભગવાન ગણેશના દર્શનનો લ્હાવો માણી રહયા છે.

સાવરકુંડલા ખાતે નાના ભુલકાઓ દ્વારા ગણેશ મહોત્સવનો પ્રારંભ

સાવરકુંડલા, તા. ૨૮

ગણેશ મહોત્સવની ભારતભરમાં ભાવભેર ઉજવણી શરૂ થઈ ગઈ છે. ત્યારે સાવરકુંડલા શહેરમાં પણ કૃષ્ણપ્લોટ વિસ્તારમાં આવેલી શેરી નંબર છ ખાતે નાના ભૂલકાઓ દ્વારા ગણેશ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અહીં બુધવારે સાંજે ગણપતિ બાપા ની આગમન શોભાયાત્રા બાદ વિધિવત રીતે ગણેશજીનુ સ્થાપન કરવામાં આવ્યું હતું અને દસ દિવસના ગણેશ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અહીં વાઘેલા વિવેક, રાજ ટાંક, અક્ષ માળવી, કશ્યપ રાઠોડ, હેમાંગ માળવી, કૌશલ હીંગુ નામના નાના ભૂલકા ઓ ગણેશ બાળમંડળ બનાવી દર વર્ષે ગણેશ મહોત્સવ ઉજવી રહ્યા છે.

સાવરકુંડલા ખાતે પ. પૂ. ૧૦૮ પુરૂષોત્તમલાલજી મહારાજના પ્રાગટય ઉત્સવની ઉજવણી

સાવરકુંડલા, તા. ૨૮

આ ઉત્સવના મુખ્ય મનોરથી ગૌવાસી હરીભાઈ ગોરધનભાઈ સૂચક તથા પોપટભાઈ કાનજીભાઈ સાવરકુંડલા હતાં આ ઉત્સવમાં પલના નંદમહોત્સવ સવારે ૧૦:૩૦ કલાકે યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ મહાપ્રસાદનો લ્હાવો લીધો.

મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા આપની આજ્ઞા મુજબ ગતરોજ તારીખ ૨૭/૮/૨૫ ભાદરવા સુદ ચોથ બુધવારના રોજ નિત્ય લીલા પુજય પાદ ૧૦૮ પુરૂષોત્તમલાલજી મહારાજના ૧૦૯મો પ્રાગટય ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ છે જેના મુખ્ય મનોરથી ગૌવાસી હરીલાલ ગોરધનદાસ સુચક તથા પોપટલાલ કાનજીભાઈ સાવરકુંડલા હતા, આ ઉત્સવમાં પલના નંદ મહોત્સવ સવારે ૧૦:૩૦ કલાકે હતા જેમાં સાવરકુંડલા તાલુકાના દરેક કિર્તનકાર ભાઈઓએ ખુબ જ ભાવથી સુંદર કિર્તન કરી પ્રભુને વૈષ્ણવોને આનંદ કરાવેલ, ત્યારબાદ પુરૂષોત્તમ લાલજી મહારાજના ચિત્રજીને મુખ્ય મનોરથીઓ દ્વારા



તિલક માળાજી અર્પણ કરેલ ત્યારબાદ રાજભોગ તિલક આરતીના દર્શન કરી હાજર રહેલા તથા આમંત્રિત સર્વ વૈષ્ણવોને મહાપ્રસાદનો લાભ લીધેલ સમગ્ર ઉત્સવનો આનંદ ને મહાપ્રસાદનો લાભ લઈ દરેક વૈષ્ણવો ધન્યતા અનુભવેલ.

આ ઉત્સવને ધામધૂમથી ઉજવવામાં મહિલા મંડળ બહેનો તેમજ કમિટીના ભાઈઓ તથા સાવરકુંડલાના કિર્તનકાર ભાઈઓને આપ આશીર્વાદ તેમજ મુખ્ય મનોરથીઓના સહકારથી પુર્ણ થયેલ છે તેમ કમિટી દ્વારા જણાવવામાં આવેલ છે.

વર્ષોની પરંપરાગત પ્રમાણે કુંડે સ્નાન

બાબરામાં પવિત્ર પંચકુંડમાં ઋષી પંચમીનું સ્નાન કરી પુણ્યનુ ભાથું બાંધતી મહિલાઓ

નીલકંઠ મહાદેવના દર્શન કરી ઋષિ પંચમીની ઉજવણી

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરા પાંડવ કાલીન પવિત્ર પંચકુંડ આવેલા છે અહીં લોકો દરેક પ્રકારની ધાર્મિક વિધિ તેમજ પિતૃકાર્ય કુંડ પાસે કરે છે તેમજ કુંડમાં સ્નાન કરવાનું અનેરૂ મહત્વ હોવાની લોકોની માન્યતા છે

અમાસના દિવસે પણ અહી મોટી સંખ્યામાં લોકો સ્નાન કરવાં તેમજ પિતૃ તર્પણ અહી પવિત્ર કુંડમાં કરે છે તેમજ રાખડીનું વિસર્જન પણ અહીં કરવામાં આવે છે ભૂદેવો પણ નૂતન જનોઈ અહીં કુંડમાં ધારણ કરે છે અને જળ જીલની એકાદશીના શહેરના રામજી મંદિરના ઠાકોરજીને પણ અહીં કુંડમાં સ્નાન કરાવી જળ જિલવામાં આવે છે.

ત્યારે સૌથી મોટી અને મહત્વની ઋષિ પાંચમના દિવસે સવારે મોટી સંખ્યામાં મહિલા અહીં પંચકુંડમાં આવે છે અને પરંપરાગત રીતે ચાયણીના જારમાંથી પાણી જારી સ્નાન કરી પાંચમની ઉજવણી કરે છે ત્યારબાદ અહીં આવેલ નીલકંઠ મહાદેવના દર્શન કરી દાન દક્ષિણા અર્પણ કરે છે.

અમરેલી : હોકીનાં મહાન જાદુગર મેજર ધ્યાનચંદનાં જન્મદિને નેશનલ સ્પોર્ટર્સ ડેની ઉજવણી

અમરેલી, તા. ૨૮

મેજર ધ્યાનચંદના જન્મ ૯ ઓગસ્ટ ૧૯૦૫માં ઉતરપ્રદેશના અલ્હાબાદમાં થયો હતો. તેઓ ઝાંસીમાં રહેતા હતા. માત્ર ૧૬ વર્ષની વયે બ્રાહમણ રેઝીમરન્ટમાં સૈનિક તરીકે ભરતી થયા હતા. આ રેઝીમરન્ટ હોકી રમત માટે ફેમસ હતી. આથી મને રમવા માટે આગ્રહ કરતા હું હોકી રમવા લાગ્યો હોકીમાં રસ પડતા દિવસની ફરજ પછી રાતના ચાંદનીમાં પણ પ્રેકટીસ કરવા લાગતા મને ધ્યાનસિંહના બદલે ધ્યાનચંદન નામથી બોલાવા લાગ્યા. ૧૯૨૮ના એમ્સરર્ડમ ઓલ્મિપિક ૧૯૩૨ લાંસએજેલ્સ અને ૧૯૩૬ બર્લિન ઓલ્મિપિકમાં સુર્વણ પદક મેળવતા હોકીમાં ભારતનો સુર્વણ ઈતિહાસ રચ્યો. એકવાર ધ્યાનચંદની હોકીની શાનદાર રમતનર કારણે તેના વિરોધીઓએ કહ્યું કે તેમની હોકીમાં ચુંબક છર. આ શંકાનર દૂર કરવા હોકી સ્ટીક તોડીનર બતાવેલ. ૧૯૩૬ના ઓલ્મિપિક હોકી ફાઈનલમાં ભારતે જર્મનીને ૮ વિ ૧ ગોલથી હરાવેલ જેમા ૩ ગોલ તો ધ્યાનચંદના હતા. હારના કારણે

જર્મનીના હિટલરે સ્ટરડીયમ છોડી જતા રહેલ, બાદમાં હિટલરે ધ્યાનચંદને જર્મની તરફથી રમવા તથા લશ્કરમાં ઉચ્ચ હોદો આપવાનું જણાવતા ધ્યાનચંદે આ ઓફર ઠુકરાવી ભારતમાં જન્મ્યો છું, ભારતનું નમક ખાધુ છુ. ભારત તરફથી જ રમીશ. ૧૯૨૮માં એમ્સટર્ડમ ઓલ્મિપિકમાં સરથી વધારે ૧૪ ગોલ નોંધાવતા સ્થાનિક અખબારે લખ્યું કે હોકી નહી જાદુ છે. ધ્યાનચંદ હોકી કે જાદુગર છે. આ ઉપરાંત ઓલ્મિપિકમાં ૪૦૦ ગોલ નોંધાવતા તરમનર હોકીના જાદુગરનું બિરૂદ મેળવેલ. વિમાં હોકી રમતમાં ભારતનો ડંકો વગાડનાર અને ખેલની ભાવનાથી રમતા હંમેશા વિજય મેળવેલ છે. પગમાં વિજળી જેવી તાકાત, મુખ પર શાંતિ અને ત્યાગની ભાવના અને હારનો કદી ડર નહિ રાખ્યા વગર ભારતનું નામ રોશન કરનાર હોકીના મહાન જાદુગરને કોટી કોટી વંદન આઈ.પી. બારડ વાઈસ પ્રેસિડન્ટ હોકી ગુજરાત, સેક્રેટરી હોકી અમરેલી.

ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓ ઈસરો સાયન્સ સિટી અમદાવાદ ખાતે ચમકી

પુ.સંત ડો. રતિદાદાના આશીર્વાદથી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંતાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ચલાલાની દીકરીઓએ અમદાવાદ સાયન્સ સિટી ખાતે '' નેશનલ સ્પેસ ડે'' મોડેલ મેકિંગ સ્પર્ધા–૨૦૨૫મા ઉત્સાહભેર ભાગ લીધો. ચંદ્રયાન–૩ ના સફળતા પૂર્વક સોફટ લેન્ડીગની બીજી એનિવર્સરી નિમિતે ખુબ જ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ડો. ચંદ્રમૌલી (ચેરમેન, રમણ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન, ભારત), રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના આચાર્ય તુષારભાઈના માર્ગદર્શન અનુસાર દીકરીઓએ અવકાશ વિજ્ઞાનને લગાતો પ્રોજેકટ ચંદ્રયાન–૩ રજુ કર્યો. ચંદ્રયાન વિશેની સચોટ માહિતી આપી નિર્ણાયકોનું ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. દીકરીઓએ ઈસરોની સિધ્ધીઓ અને ભારતના અંતરિક્ષ મિશન અંગે નજીકથી માહિતી મેળવી. આ કાર્યક્રમમાં ઈસરોના વૈજ્ઞાનિક આશિષ સોની, મિલન , રોહિત, વિમલ કે. પટેલ, નીતેશ એમ. દેસાઈ (ડાયરેકટર SAC), ડો. વ્રીજેશ પરીખ, સાયન્સ સિટીના વૈજ્ઞાનિકો, વિવિધ મહેમાનોએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ અનુભવથી દીકરીઓના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ મજબુત બન્યો અને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રેરણા મળી. આવી શૈક્ષણિક પ્રવૃતિઓ દીકરીઓમાં વિજ્ઞાન પ્રત્યે ઊંડો રસ પેદા કરે છે. દીકરીઓએ માત્ર જ્ઞાન જ નથી મેળવ્યું પરંતુ ભવિષ્યમાં દેશના વિકાસમાં યોગદાન આપવાની પ્રેરણા દાયી અનુભૂતિ કરી છે. આ કાર્યક્રમ રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓ માટે ગર્વનો પળ બની. દીકરીઓની આ સિધ્ધીથી ટ્રસ્ટ અને સ્કુલ એ ગૌરવની લાગણી અનુભવી. પુ સંત ડો. રતિદાદાના, ભારત ભુષણ મહેશભાઈ, ડાયરેકટર શીતલબેન મહેતા સહિત સ્ટાફગણે દીકરીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ભારત ભુષણ મહેશભાઈ, ડાયરેકટર શીતલબેન મહેતા, આચાર્ય તુષારભાઈએ ભારે જેહમત ઉઠાવી હતી.

અમરેલી : પરમ રેસીડેન્સી ખાતે આનંદ અને શ્રધ્ધાપૂર્વક ગણેશ ઉત્સવની ઉજવણી

અમરેલી પરમ રેસીડેન્સી રોયલ એનફિલ્ડ શો રૂમ પાસે તારીખ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ પરમ રેસીડેન્સી સોસાયટી પરિવાર દ્વારા ગણેશ ચતુર્થીના પાવન દિવસે ગણપતિ બાપાની સ્થાપના આનંદ અને શ્રધ્ધાભેર કરવામાં આવી હતી. સ્થાપના પ્રસંગે સોસાયટીના તમામ પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગણેશજીની આગમન યાત્રા દરમિયાન બાળકો ઢોલ-ઢગારા તથા વિવિધ વાદ્ય યંત્રો જાતે વગાડી તેમના તાલે નૃત્ય કરતા જોવા મળ્યા હતા. સમગ્ર વાતાવરણ ભકિતભાવ અને ઉત્સાહથી ગુંજી ઉઠયું હતું. પૂજા-અર્ચના વિધિવત સ્થાપના કરવામી આવી હતી. આગામી ૧૧ દિવસ દરમિયાન દરરોજ આરતી અને ભકિતમય કાર્યક્રમો યોજાશે. જયારે ૧૧મા દિવસે વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવશે. પરમ રેસીડેન્સી પરિવાર તરફથી તમામને ગણેશ ચતુર્થીની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ખારા જળમાં મીઠી વીરડી સમાન સંસ્થા

જાફરાબાદ ખાતે પારેખ અને મહેતા હાઈસ્કુલ ૧૯૨૬થી અડિખમ

ગરીબ વિદ્યાર્થીઓ માટે શાળા આશીર્વાદરૂપ

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદ ખાતે આવેલ સંસ્થા જા.કે.ઉ. મંડળ કે જે ૧૯૨૬થી અડીખમ ઉભી છે. તે સંસ્થા પછાત વિસ્તારમાં શિક્ષણની ખોટ પુરી પાડવામાં આવી રહી છે. કે જે ખારા જળમાં મીઠી વીરડી સમાન હોય કોઈ પણ જાતિ જ્ઞાતિ સંપ્રદાય વર્ગના ભેદભાવ વિના જ્ઞાન તૃષા છીપાવતુ ઝરણું છે. અને આ કેમ્પસમાં પારેખ મહેતા હાઈસ્કુલ, ટી.જી. સંઘવી સ્કુલ, તેમજ કે.પી. મહેતા હાઈસ્કુલ પણ આવેલી છે. આ સ્કુલમાં દૂર દૂરથી સેંકડો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયા છે. અને વર્તમાન સમયમાં તેઓ સારા એવા હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે. તેમજ ઉદ્યોગપતિઓ આ સંસ્થામાં અભ્યાસ કરીને પોતે વ્યવસાય ક્ષેત્રે આગળ વધ્યા છે. અત્રે નોંધવું જરૂરી છે કે આ કેમ્પસમાં નૂતન વિદ્યાલય રૂપિયા ૨૪ કરોડના ખર્ચે તૈયાર થઈ રહી છે. જે આ સંસ્થામાં સોનામાં સુગંધ સમાન બની રહેશે હાલમાં આ સંસ્થાનું બાંધકામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. આ સ્કુલના ૧૦૦ વર્ષ પૂર્ણ થવામાં છે. તેના ભાગરૂપે આ નવી વિદ્યાલયનું નવનિર્માણ થઈ રહ્યું છે. જે શિક્ષણની ખોટ પુરી પાડવામાં આવશે આ સંસ્થાના પ્રમુખ કીરીટભાઈ પ્રભુદાસ મહેતા તેમજ યોગેશભાઈ ગોરડિયા તમામ ટ્રસ્ટી મંડળના સહયોગથી આ સંસ્થાનું નવનિર્માણ યુધ્ધના ધોરણે થઈ રહ્યું છે. આ સ્કુલનું નવનિર્માણ આ સંસ્થાના તમામ ટ્રસ્ટીઓના નેજા હેઠળ થઈ રહ્યું છે. પરંતુ અમુક વિઘ્ન સંતોષીઓ ખોટી આક્ષેપ બાજી કરી રહ્યા છે. પરંતુ આ સંસ્થાના ટ્રસ્ટીઓ જાફરાબાદમાં ન હોવા છતાં પણ પોતાની જન્મભૂમિ તથા કર્મ ભૂમિને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરે તેવી આશા અપેક્ષા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. જાફરાબાદ કે જે અરબી સમુદ્ર કિનારે વસેલું બંદર છે. તેના લોકો સંપૂર્ણ પણે દરિયા ક્ષેત્રે રોજગારી મેળવી રહ્યા છે. તેમાંથી બહાર લાવવા માટે અને શિક્ષણ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીનું ઉપયોગ કરી અઢારેય વરણના બાળકોને શિક્ષણ ક્ષેત્રે અને કેળવણી ક્ષેત્રે આગળ વધવામાં પોતાના યોગદાન પ્રધાન કરી રહ્યા છે. જે ગૌરવની વાત છે. પરંતુ અમુક લોકોને પછાત પણામાંથી બહાર લાવવામાં રસ નથી તે લોકો આ સંસ્થાનો વિરોધ કરી રહ્યા છે. પરંતુ આ સંસ્થા શિક્ષણ ક્ષેત્રે ઊગતા સૂરજના કીરણો પાથરી રહી છે. આ સંસ્થા હંમેશા ધબકતી રહે નીરંતર વહેતી રહે તેવી અઢારેય વરણની અપેક્ષા છે.

જિલ્લાભરનાં નગરસેવકો, સરપંચોએ પ્રેરણા લેવી જરૂરી

પ્રેરણાદાયી કાર્ય : સાવરકુંડલાનાં કોંગી નગરસેવક નાસીર ચૌહાણે સ્વ મેળે માર્ગનાં ગાબડા બુરવાનું શરૂ

જે જનતાનાં મતથી અગ્રણી બન્યા તેના માટે કામ કરવુ તે નૈતિક ફરજ

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં એકાદ મહિના અગાઉ ધોધમાર પડેલા વરસાદના કારણે ગઢીયા પેટ્રોલ પમ્પ થી રેલ્વે સ્ટેશનનો રસ્તો અતિબિસ્માર થયો હતો અને અહીં એક એક ફૂટના ખાડા પડી જવા પામ્યા હતા. જેથી રાહદારીઓ ભારે પરેશાની અનુભવી રહ્યા હતા. આ બાબતે સાવરકુંડલાના નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને આ વિસ્તારના યુવા કોર્પોરેટર નાસીરભાઈ ચૌહાણને લોકો દ્વારા ઘણી ફરિયાદો મળી હતી. જેના સંદર્ભે પાલિકા પ્રમુખની સૂચના મુજબ યુવા કોર્પોરેટર નાસીર ચૌહાણ દ્વારા લોકો અને રાહદારીઓ મોટા તહેવારોમાં હેરાન ન થાય તે હેતુથી વહેલી સવારથી જાત મહેનત જિંદા બાદ અપના હાથ જગન્નાથ એ સૂત્રને સાર્થક કરતાં આ રોડ રીપેરીંગમાં કાર્યમાં ખુદ લાગી ગયા હતા. હાલ તહેવારો હોવાથી મજુરની અછત હોય નાસીરભાઈ ખુદ પોતે ડ્રિલિંગ મશીન હાથમ લઈ કામે લાગી ગયા હતા તેમજ ખાડામાં રેતી સિમેન્ટ કોન્ક્રીટનો માલ બનાવી નાસીરભાઈએ પોતે ખાડા બુરી પેચ વર્ક મારતા જોવા મળ્યા હતા. હાલ તહેવારના સમયમાં લોકોને હાડમારી ન પડે તે હેતુથી આ વિસ્તારના કોર્પોરેટર જાતે કામે લાગ્યા હતા અને તમામ ખાડા જાતે બુરી લોકોની સમસ્યા દૂર કરી હતી. જેથી લોકોએ પણ પાલિકા પ્રમુખ મેહુલભાઈ અને નાસીરભાઈ ચૌહાણનો આભાર માન્યો હતો. આ પ્રેરણાદાયી કદમ અન્ય માટે પણ પ્રેરણાદાયી બને એ ઈચ્છનીય. જયારે જનતાનું હિત જનતાના પ્રતિનિધિના હૈયે હોય તો કોઈ પણ લોકહિતનું કાર્ય સરળતાથી થઈ શકે છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકમલ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45

Hero
સહકારી દૂધ મંડળીના ગ્રાહક મિત્રો માટે
ખૂશ ખબર...
ફ્રેશ ડિસ્કાઉન્ટ ₹2500/-
ડોકયુમેન્ટ : સહકારી મંડળીના લેટરપેડ પર લખાણ. દૂધ ભરવાની પાવતી છેલ્લા ૭ દિવસની.
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂઝાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેક્શનનાં કારણે પડ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart | જીજ્ઞેશ એજન્સી | YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Shine 100 DX SOLID HAI
BOOKINGS OPEN
Ex showroom ₹74,959/-
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

આ હુમલામાં ૧૪થી વધુ લોકોએ ગુમાવ્યો જીવ

રશિયાનો યુક્રેન ઉપર ૬૨૯ મિસાઇલો અને ડ્રોનથી હુમલો

આ હુમલામાં અનેક રહેણાંક ઇમારતો અને ઓફિસ સેન્ટર્સને નુકસાન થયું છે, જેમાં યુક્રેનમાં યુરોપિયન યુનિયનના પ્રતિનિધિમંડળની ઇમારત સામેલ

કિવ, તા.૨૮

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લગભગ ચાર વર્ષ થઈ ગયા છે, છતાં કોઈ પક્ષ પીછેહઠ કરવા તૈયાર નથી. તાજેતરમાં, રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો છે. યુક્રેનનો દાવો છે કે આ હુમલામાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે અને ૪૮ લોકો ઘાયલ થયા છે, જેમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ હુમલામાં અનેક રહેણાંક ઈમારતો અને ઑફિસ સેન્ટર્સને નુકસાન થયું છે, જેમાં યુક્રેનમાં યુરોપિયન યુનિયન(EU)ના પ્રતિનિધિમંડળની ઈમારત પણ સામેલ છે.આ હુમલાની યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ સખત નિંદા કરી છે. તેમણે કહ્યું કે આ હુમલા માટે માત્ર યુરોપીયન યુનિયન જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ દ્વારા નિંદા થવી જોઈએ. તેમણે રશિયા પર નવા અને કડક પ્રતિબંધો લાદવાની પણ માંગ કરી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ પણ આ હુમલાની નિંદા કરતાં કહ્યું કે રશિયાએ એક જ રાતમાં ૬૨૯ મિસાઈલો અને ડ્રોન છોડ્યા, જે આતંક અને બર્બરતા દર્શાવે છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, અમે અમારા તમામ લક્ષ્યો હાંસલ કરી લીધા છે. અમે હુમલો કરવા માટે હાઈપરસોનિક કિંજલ મિસાઈલ, ડ્રોનનો ઉપયોગ કર્યો છે. રશિયા યુક્રેન પર હુમલા કરવાનું ચાલુ રાખશે કારણ કે યુક્રેન પણ રશિયાના રહેણાંક વિસ્તારોને ટાર્ગેટ કરી રહ્યું છે.' જોકે, રશિયાએ એ પણ કહ્યું કે તે રાજકારણ અને કૂટનીતિ દ્વારા પોતાના લક્ષ્યો હાંસલ કરવા માટે હજુ પણ વાતચીત માટે તૈયાર છે.અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક આંતરરાષ્ટ્રીય નેતાઓએ યુદ્ધ સમાપ્ત કરવાના પ્રયાસો કર્યા છે. તાજેતરમાં, ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ત્યારબાદ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી, પરંતુ આ બંને બેઠકો નિષ્ફળ રહી અને યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ નક્કર નિર્ણય લઈ શકાયો નહીં.

જમ્મુમાં વરસાદે ૧૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો

હિમાચલમાં હજારો મુસાફરો ફસાયા : નેટવર્ક પણ ઠપ થયું

ચંબાના ભરમૌરમાં મણિમહેશ યાત્રાના હજારો શ્રદ્ધાળુઓ અને લાહૌલમાં પ્રવાસીઓ-ટ્રક ડ્રાઇવરો ફસાયા છે

નવી દિલ્હી, તા.૨૮

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરથી ભારે તબાહી સર્જાઈ છે. જેના કારણે જમ્મુમાં ૧૧૫ વર્ષ જૂનો વરસાદનો રેકોર્ડ તૂટી ગયો છે, જ્યારે હિમાચલના ચંબા, લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં રસ્તાઓ અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓ છેલ્લા ત્રણ દિવસથી બંધ છે.

જમ્મુમાં ૨૪ કલાકમાં ૩૮૦ મીમી વરસાદ પડ્યો, જેણે ૧૧૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો. વર્ષ ૧૯૧૦ પછી આ સૌથી ભારે વરસાદ છે, જેણે ૧૯૮૮ના ૨૭૦.૪ મીમીના રેકોર્ડને પાછળ છોડ્યો છે. તાવી નદી ૩૪ ફૂટ (ખતરાનું નિશાન ૧૪ ફૂટ) અને ચિનાબ નદી ૪૯ ફૂટ (ખતરાનું નિશાન ૩૫ ફૂટ) સુધી ઊછળી. કઠુઆમાં રાવી નદી સિવાય હવે મોટાભાગની નદીઓ ખતરાના નિશાનથી નીચે છે.હિમાચલમાં ચંબા, લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં ત્રણ દિવસથી રસ્તાઓ અને ફોન નેટવર્ક બંધ છે. બિયાસ નદીમાં પૂર આવવાથી રસ્તાઓ અને પુલ ધોવાઈ ગયા છે. ચંબાના ભરમૌરમાં મણિમહેશ યાત્રાના હજારો શ્રદ્ધાળુઓ અને લાહૌલમાં પ્રવાસીઓ-ટ્રક ડ્રાઇવરો ફસાયા છે. કટરામાં માતા વૈષ્ણોદેવીની યાત્રા અટકાવી દેવાઈ છે.જમ્મુ કાશ્મીરમાં કિશ્તવાડ, ડોડા અને કટરામાં વાદળ ફાટવાથી ભારે તબાહી થઈ. ઉધમપુરમાં ૧૨ કલાકમાં ૫૪૦ મીમી વરસાદ પડ્યો, જેણે બધા રેકોર્ડ તોડ્યા. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ જખેની અને ચેના ક્ષતિગ્રસ્ત થવાથી બંધ છે. સિન્થન રોડ પણ બંધ છે, જ્યારે મુગલ રોડ પર સાવચેતી સાથે વાહનવ્યવહાર ચાલુ છે.ભારતીય સેના, **NDRF, SDRF, CRPF,** પોલીસ અને સ્થાનિક લોકો રાહત કાર્યોમાં લાગેલા છે. લગભગ ૪૦૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. તેમજ ફસાયેલા પ્રવાસીઓ માટે જમ્મુથી દિલ્હી માટે ૨૮મી ઑગસ્ટના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે એક વિશેષ ટ્રેન ચલાવવામાં આવી.

હવામાન વિભાગે ૨૯મી ઑગસ્ટથી ૪થી સપ્ટેમ્બર સુધી ઉત્તર ભારતમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. કાશ્મીરમાં પૂરનો ખતરો ઓછો છે, પરંતુ જમ્મુમાં સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ કોઈપણ કટોકટીની સ્થિતિમાં હેલ્પલાઈન ૧૧૨ ડાયલ કરી શકો છો.

કરુણ નાયરને ૮ વર્ષ પછી ટેસ્ટમાં તક મળી હતી

વિદર્ભ ક્રિકેટ ટીમે કરુણની જગ્યાએ રવિ કુમાર સમર્થનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો

કરુણ નાયર તાજેતરમાં ઇંગ્લેન્ડ સામે રમાયેલી પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં સંપૂર્ણ નિષ્ફળ સાબિત થયો હતો

નવી દિલ્હી, તા.૨૮

કરુણ નાયરને ૮ વર્ષ પછી ભારતની ટેસ્ટ ટીમમાં તક મળી, પરંતુ તે આ સુવર્ણ તકનો લાભ ઉઠાવી શક્યો નહીં. કરુણ નાયર તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં નિષ્ફળ રહ્યો. ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન કરુણ નાયરે ૮ ઈનિંગ્સમાં ૦, ૨૦, ૩૧, ૨૬, ૪૦, ૧૪, ૫૭ અને ૧૭ રન બનાવ્યા. કરુણ નાયરની ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસી અંગે હવે સસ્પેન્સ છે. એવી અટકળો ચાલી રહી છે કે કરુણ નાયર તેની છેલ્લી ટેસ્ટ મેચ રમી ચૂક્યો છે. કરુણ નાયરે ભારત માટે ૧૦ ટેસ્ટ મેચમાં ૪૧.૩૫ની સરેરાશથી ૫૭૯ રન બનાવ્યા, જેમાં અણનમ ૩૦૩ રનની ઐતિહાસિક ઈનિંગ્સનો સમાવેશ થાય છે.

ભારતીય સ્થાનિક ક્રિકેટ સીઝન (૨૦૨૫-૨૬) ગુરુવારથી દુલીપ ટ્રોફી સાથે શરૂ થઈ રહી છે. આ દરમિયાન કરુણ નાયર અને વિદર્ભ ક્રિકેટ ટીમ સાથે સંબંધિત એક મોટા સમાચાર આવ્યા છે. કરુણ નાયર વિશે ઘણા સમય પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે તે આગામી રણજી સીઝનમાં કર્ણાટક માટે રમશે. પરંતુ, હવે તે પુષ્ટિ થઈ ગઈ છે કે વિદર્ભ ક્રિકેટ ટીમમાં તેનું સ્થાન કોણ લેશે. કરુણ નાયર છેલ્લા બે સ્થાનિક સીઝનથી વિદર્ભ ક્રિકેટ ટીમ માટે રમી રહ્યો હતો, પરંતુ તેણે ૨૦૨૫-૨૬ સીઝન માટે તેની સ્થાનિક ટીમ કર્ણાટકમાં પાછા ફરવાનો નિર્ણય લીધો છે. વિદર્ભ ક્રિકેટ ટીમે કરુણની જગ્યાએ રવિ કુમાર સમર્થનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે. કરુણ નાયરના વિદર્ભ માટે પ્રદર્શનને ધ્યાનમાં લેતા વિદર્ભ ટીમમાં તેનું સ્થાન લેવું સરળ નથી, પરંતુ રવિકુમાર માટે નવી ટીમમાં પોતાને સાબિત કરવાની આ એક સારી તક છે. સમર્થ કર્ણાટકનો છે અને ૨૦૧૩થી ૨૦૨૪ સુધી આ ટીમ માટે રમી ચૂક્યો છે. તે ૨૦૨૪-૨૫ સીઝન માટે ઉત્તરાખંડ ગયો હતો. કરુણ નાયર અને ગણેશ સતીશ પછી સમર્થ કર્ણાટકનો વિદર્ભ માટે રમનાર ત્રીજો ક્રિકેટર છે. કરુણ નાયરનું છેલ્લી રણજી સીઝનમાં શાનદાર પ્રદર્શન હતું અને તેણે વિદર્ભને ચેમ્પિયન બનાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.કરુણે છેલ્લી રણજી સીઝનમાં ૯ મેચમાં ૮૬૩ રન બનાવ્યા હતા. આ પ્રદર્શનના આધારે તે લગભગ ૮ વર્ષ પછી ભારતીય ક્રિકેટ ટીમમાં પાછો ફર્યો. તેને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે પસંદ કરવામાં આવ્યો હતો. ૩૨ વર્ષીય રવિકુમાર સમર્થ એક ઓપનિંગ બેટ્સમેન છે. તેણે ૯૫ ફર્સ્ટ ક્લાસ મેચની ૧૬૬ ઈનિંગ્સમાં ૬,૧૫૭ રન બનાવ્યા છે, જેમાં ૧૫ સદી અને ૩૫ અડધી સદી ફટકારી છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૨૩૫ રન છે.

ઈંગ્લેન્ડ પ્રવાસ પછી ભારત ઓક્ટોબર-નવેમ્બરમાં વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી સાથે સ્થાનિક સિઝનની શરૂઆત કરશે. જોકે, કરુણ નાયરને તક મળશે કે નહીં તે મોટો પ્રશ્ન છે. કરુણ નાયરે તાજેતરમાં કહ્યું હતું કે, 'હું ખૂબ આગળ વિચારી રહ્યો નથી. હું ફક્ત દિવસેને દિવસે આગળ વધી રહ્યો છું. તમે જાણો છો કે હું જે બાબતો પર કામ કરી શકું છું તેના પર કામ કરવાનો અને છેલ્લી શ્રેણીમાંથી શીખવાનો પ્રયાસ કરી રહ્યો છું. અને પછી સમય આવશે તેમ, આપણને ખબર પડશે કે આગળ શું થવાનું છે. પરંતુ મારા માટે, તે દિવસેને દિવસે મારી જાત પર કામ કરવા અને દરરોજ મારી ફિટનેસ સુધારવા વિશે છે.

૧૨થી વધુ બાળકોને ગંભીર ઈજા

ઉત્તરાખંડના હલ્દ્વાનીમાં ૪૦ બાળકોને લઈ જતી સ્કૂલ બસ નાળામાં ખાબકી

ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બસ ડ્રાઈવર અને કંડક્ટરને ગંભીર ઈજા થઈ

હલ્દ્વાની, તા.૨૮

ઉત્તરાખંડના હલ્દ્વાનીના જયપુર બીસા ગામમાં આજે ગુરૂવારે ભયાવહ અકસ્માત સર્જાયો છે. એક ખાનગી સ્કૂલની બસ બેકાબૂ બનતાં નાળામાં ખાબકી હતી. જેમાં ૪૦ વિદ્યાર્થીઓ સવાર હતા. ૧૨થી વધુ બાળકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસ ડ્રાઈવર અને કંડક્ટરને ગંભીર ઈજા થઈ છે.સ્થાનિક લોકોએ અકસ્માત બનતાં તુરંત જ બચાવ કામગીરી હાથ ધરી હતી. બસનો કાચ તોડી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં ૧૨થી વધુ બાળકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના હલ્દ્વાનીમાં બરેલી રોડ પર સ્થિત જયપુર બીસા ગામમાં બની હતી. આ બસ રામપુર રોડથી બાળકોને શાળાએ લઈ જઈ રહી હતી. ત્યાં બે બસ ચાર રસ્તા નજીક સાઈડ લઈ રહી હતી, તે દરમિયાન બસ રોડ પરથી ઉતરી જતાં નાળામાં ખાબકી હતી. સ્થાનિકો અને પ્રત્યક્ષદર્શીઓએ તુરંત બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમજ પોલીસને પણ અકસ્માતની જાણ કરી હતી.

ગામના સરપંચ રમેશ ચંદ્ર જોષીએ આ અકસ્માત માટે બસ ડ્રાઈવરની બેદરકારીને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, બસમાં આશરે ૪૦ બાળકો સવાર હતા, જેમાંથી ૧૨થી વધુ ઘાયલ થયા છે. આ ક્ષેત્રમાં બસ ડ્રાઈવર અવારનવાર નશાની હાલતમાં ગાડી ચલાવે છે. અગાઉ પણ આ પ્રકારની દુર્ઘટના બની ચૂકી છે. પરંતુ શાળાના વહીવટીતંત્રે કોઈ ઠોસ પગલાં લીધા નથી. અકસ્માત થયો તે સ્થળે નાળું હતું. પરંતુ સદનસીબે નાળામાં પાણી ન હોવાથી બાળકોના જીવ બચી ગયા.

ગામના સરપંચે વધુમાં જિલ્લા વહીવટીતંત્ર પર પણ નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, આટલી મોટી દુર્ઘટના બાદ પણ જિલ્લા વહીવટીતંત્ર સમયસર ઘટનાસ્થળે પહોંચ્યુ ન હતું. સ્થાનિક લોકોએ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. આ અકસ્માતના કારણે સ્થાનિકો અને વાલીઓએ શાળામાં સુરક્ષાના માપદંડોનો કડકપણે અમલ કરાવવાની માગ કરી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભિક્ષાવૃત્તિ પર સંપૂર્ણ પ્રતિબંધ

ભારતના મિઝોરમ રાજ્યમાં એકપણ ભિખારી નહીં જોવા મળે

વિપક્ષી સદસ્યોના હોબાળા વચ્ચે, રાજ્યમાં ભીખ માંગવા પર પ્રતિબંધ લગાવવા સંબંધિત બિલ પસાર થઈ ગયું છે

આઈઝોલ, તા.૨૮

મિઝોરમ વિધાનસભામાં વિપક્ષી સદસ્યોના હોબાળા વચ્ચે, રાજ્યમાં ભીખ માંગવા પર પ્રતિબંધ લગાવવા સંબંધિત બિલ પસાર થઈ ગયું છે.

રાજ્યના સમાજ કલ્યાણ મંત્રી લાલરિનપુઈએ બુધવારે મિઝોરમ ભિક્ષાવૃત્તિ નિષેધ બિલ, ૨૦૨૫ સદનમાં રજૂ કરતા કહ્યું કે, તેનો ઉદ્દેશ્ય માત્ર ભીખ માંગવા પર રોક લગાવવાનો નહીં, પરંતુ ભિખારીઓને ટકાઉ આજીવિકા વિકલ્પ આપીને તેની મદદ તેમજ પુનર્વસન કરવાનો પણ છે.

તેઓએ મિઝોરમમાં વધતી ભિક્ષાવૃત્તિ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, આપણું રાજ્ય ઘણું ભાગ્યશાળી છે, અહીંની સામાજિક સંરચના, ચર્ચો અને બિનસરકારી સંગઠનોની ભાગીદારી સાથે રાજ્યમાં લાગૂ થવા જઈ રહેલી કલ્યાણકારી યોજનાઓના કારણે રાજ્યમાં ભિક્ષાવૃત્તિની સંખ્યા ઘણી ઓછી છે.

તેઓએ કહ્યું કે, સૈરાંગ-સિંહમુઈ રેલવે સ્ટેશનની શરૂઆત બાદથી મિઝોરમમાં બીજા રાજ્યોથી ભિખારીઓ આવવાની આશંકા વધી જશે.

આ રેલવે લાઈનનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ સપ્ટેમ્બરે કરશે. લાલરિનપુઈએ કહ્યું, સરકારનું માનવું છે કે, યોગ્ય નિયામક માળખા દ્વારા તે રાજ્યને ભિખારી મુક્ત રાખી શકે છે. મંત્રીએ કહ્યું કે, સરકાર એક રાજ્ય સ્તરીય રાહત બોર્ડની રચના કરશે, જે ભિખારીઓને કામચલાઉ રીતે રાખવા માટે રિસીવિંગ સેન્ટર સ્થાપિત કરશે. તેણે કહ્યું કે, ભિખારીઓને પહેલા રિસીવિંગ સેન્ટરમાં રાખવામાં આવશે અને ૨૪ કલાકની અંદર તેને મૂળ ઘરે કે રાજ્યમાં મોકલી દેવામાં આવશે.

મંત્રીએ કહ્યું કે, સમાજ કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર રાજ્યની રાજધાની આઈઝોલમાં બિનસ્થાનીક લોકો સહિત ૩૦થી વધુ ભિખારી છે.

મિઝોરમ નેશનલ ફ્રન્ટના નેતા લાલચંદમા રાલ્તે સહિત વિપક્ષી સદસ્યોએ કહ્યું કે, આ બિલ ઈસાઈ ધર્મ માટે હાનિકારક છે અને રાજ્યની પ્રતિષ્ઠાને ધૂળધાણી કરશે. બિલને વિધાનસભા દ્વારા લાંબી ચર્ચા બાદ પસાર કરી દેવામાં આવ્યું છે. જેમાં લાલદુહોમા સહિત ૧૩ સભ્યોએ ભાગ લીધો હતો.

દક્ષિણ કોરિયામાં એક નવો કાયદો પસાર કરવામાં આવ્યો

બાળકો શાળાઓમાં ફોનનો ઉપયોગ કરી શકશે નહીં

દક્ષિણ કોરિયામાં બાળકો અને કિશોરોમાં સ્માર્ટફોનની વધતી આદતને રોકવા માટે પગલું લેવામાં આવ્યું છે

દક્ષિણ કોરિયા, તા.૨૮

આજના ડિજિટલ યુગમાં બાળકોના હાથમાં સ્માર્ટફોન હોવો એક સામાન્ય બાબત બની ગઈ છે. ધીમે-ધીમે બાળકોમાં સ્માર્ટફોનની આદત વધી રહી છે. આ આદત તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તેમજ તેમના સામાજિક અને શૈક્ષણિક વિકાસને અવરોધે છે. આ ઉપરાંત આજકાલ ઘણી શાળાઓમાં બાળકોને સ્માર્ટફોન લાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ દરમિયાન એક દેશે એવો કાયદો પસાર કર્યો છે કે, જ્યાં હવે બાળકો શાળાઓમાં ફોનનો ઉપયોગ કરી શકશે નહીં. ચાલો જાણીએ આ નિર્ણય અને તેની પાછળના કારણો વિશે...

દક્ષિણ કોરિયામાં એક નવો કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ માર્ચ ૨૦૨૬થી શાળાઓમાં ક્લાસ દરમિયાન બાળકો મોબાઈલ ફોન અને અન્ય સ્માર્ટ ડિવાઈસનો ઉપયોગ કરી શકશે નહીં. બાળકો અને કિશોરોમાં સ્માર્ટફોનની વધતી આદતને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આ કાયદા પછી દક્ષિણ કોરિયા એવા ગણ્યાગાંઠ્યા દેશોમાં સામેલ થઈ ગયું છે જ્યાં કડક કાયદા દ્વારા મોબાઈલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે, અપંગ વિદ્યાર્થીઓને હજુ પણ અભ્યાસ માટે ડિજિટલ ડિવાઈસનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે.

આ કાયદો માર્ચ ૨૦૨૬થી અમલમાં આવશે, જેના કારણે શાળાઓ અને શિક્ષણ અધિકારીઓને તેની તૈયારી કરવા અને જરૂરી પ્રોટોકોલ બનાવવા માટે ઘણા મહિનાઓનો સમય મળશે. કાયદા ઘડનારાઓ, વાલીઓ અને શિક્ષકો માને છે કે, સ્માર્ટફોનનો ઉપયોગ વિદ્યાર્થીઓના અભ્યાસ પર ખરાબ અસર કરી રહ્યો છે અને તેમનો સમય બગડી રહ્યો છે. જો કે, કેટલાક વિદ્યાર્થીઓ આ નિર્ણય સાથે સહમત નથી. તેઓ તેનો અમલ કેવી રીતે થશે, તેના પરિણામો શું હશે અને શું તે ખરેખર મોબાઈલની આદતના મૂળ કારણને દૂર કરવામાં સક્ષમ હશે તે અંગે પ્રશ્નો ઉભા કરી રહ્યા છે.

સર્વે અનુસાર દક્ષિણ કોરિયા દુનિયાના સૌથી વધુ ડિજિટલી કનેક્ટેડ દેશોમાંથી એક છે. અમેરિકાના પ્યુ રિસર્ચ સેન્ટર અનુસાર, વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૭ દેશો પર કરવામાં આવેલા સર્વેમાં દક્ષિણ કોરિયામાં ૯૯% લોકો ઓનલાઈન હતા અને ૯૮% લોકો પાસે સ્માર્ટફોન હતો. આ આંકડો અન્ય તમામ દેશોમાં સૌથી વધુ હતો.દક્ષિણ કોરિયા ઉપરાંત ફ્રાન્સ, ફિનલેન્ડ, ઈટલી, નેધરલેન્ડ અને ચીન જેવા દેશોની શાળાઓમાં ફોન પર પ્રતિબંધ છે. જો કે, દરેક દેશમાં તેના નિયમો અલગ છે. જો આપણે ફ્રાન્સનું ઉદાહરણ લઈએ, તો અહીં પ્રતિબંધ મુખ્યત્વે નાના બાળકો પર લાગુ પડે છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાએ તાજેતરમાં કિશોરો માટે સોશિયલ મીડિયા પર પહેલાથી જ લગાડવામાં આવેલા પ્રતિબંધને લંબાવ્યો છે. એક સ્ટડી અનુસાર જુલાઈમાં નેધરલેન્ડ્સની શાળાઓમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધથી વિદ્યાર્થીઓનું અભ્યાસમાં ધ્યાન સુધરી ગયું છે.

ટ્રમ્પના ટેરિફ વોર વચ્ચે ભારતનો વધુ એક નિર્ણય

કોટન પર ૩ મહિના સુધી નહીં લાગે ડ્યુટી

ભારત સરકારે કોટનની ડ્યુટી-ફ્રી ઈમ્પોર્ટને ૩ મહિના એટલે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવી દીધી છે

નવી દિલ્હી, તા.૨૮

ટ્રમ્પના ટેરિફ બોમ્બ વચ્ચે ભારત સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. ભારત સરકારે કોટનની ડ્યુટી-ફ્રી ઈમ્પોર્ટને ૩ મહિના એટલે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવી દીધી છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા મસમોટા ટેરિફ બાદ સરકારે આ નિર્ણય લીધો છે. અમેરિકાએ ભારતમાંથી આયાત થતા કપડા પર ૫૦% ટેરિફ લગાવી દીધો છે. આના કારણે ભારતીય ટેક્સટાઈલ અને ટેક્સટાઈલ ઉદ્યોગ પર ખર્ચ અને નિકાસ સ્પર્ધાત્મકતાનું દબાણ વધી ગયુ છે.

અમેરિકાએ ભારતમાંથી આવતા ઉત્પાદનો પર વધારાની ડ્યુટી લાદી છે. તેનું કારણ ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાનો અને અમેરિકન ઉત્પાદનો માટે બજાર ખોલવાનો ઈનકાર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ભારત સરકારનું માનવું છે કે ડ્યુટી-ફ્રી કોટન ઈમ્પોર્ટથી સ્થાનિક ઉદ્યોગને ઓછા ખર્ચે કાચો માલ મળશે. આનાથી અમેરિકન ટેરિફની અસરને અમુક અંશે સંતુલિત કરી શકાશે. રિપોર્ટ પ્રમાણે ભારતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી લગભગ ૩૫૦ અબજ ડોલરનો છે અને તે કૃષિ પછી બીજા ક્રમનો સૌથી મોટો રોજગાર આપતો ઉદ્યોગ છે. આમાં ૪.૫ કરોડથી વધુ લોકો આ સેક્ટર સાથે સીધા સંકળાયેલા છે. ભારતે ૨૦૨૩-૨૪માં ૩૪.૪ બિલિયન ડોલરના કાપડની નિકાસ કરી હતી, પરંતુ અમેરિકન ટેરિફથી નિકાસને મોટો ઝટકો મળી શકે છે. જોકે, ડ્યુટી-ફ્રી કોટન આયાતથી કાપડ મિલોના ખર્ચમાં ઘટાડો થશે. યાર્ન અને કાપડ સસ્તા થશે. ભારત વૈશ્વિક બજારમાં સ્પર્ધા જાળવી શકશે.ભારતનું આ પગલું માત્ર આર્થિક જ નહીં પણ વ્યૂહાત્મક પણ છે. તે દર્શાવે છે કે ભારત અમેરિકન દબાણ છતાં પોતાના ઉદ્યોગને સુરક્ષિત રાખવા માટે પગલાં લઈ રહ્યું છે. આ સાથે જ તે એક સંદેશ પણ છે કે ભારત નવા નિકાસ બજારો (બ્રિટન, જાપાન, યુરોપ, એશિયા) તરફ ઝુકી રહ્યું છે. આ સંદર્ભમાં સરકારે વિશ્વના ૪૦ દેશોમાં ટેક્સટાઈલ પ્રોડક્ટની નિકાસ કરવાનો નિર્ણય લીધો છે. આ માટે ભારતે દરેક દેશ માટે એક અલગ યોજના તૈયાર કરી છે.

પાઇલટે પેરાશૂટની મદદથી વિમાનમાંથી કૂદવું પડ્યું

અલાસ્કામાં યુએસ એરફોર્સનું એક F-35 જેટ ક્રેશ થયું

વિમાનમાં રહેલી ખામીને ઠીક કરવા પાયલોટે લોકહીડ માર્ટિનના પાંચ એન્જિનિયરો સાથે હવામાં કોન્ફરન્સ કોલ કર્યો હતો

વૉશિંગ્ટન, તા.૨૮

અમેરિકા તેના **F-35** ફાઇટર જેટ પર ગર્વ કરે છે અને તેને વિશ્વનું સૌથી અદ્યતન ફાઇટર જેટ કહે છે. પરંતુ તાજેતરની ઘટનાઓએ આ જેટ વિશે વિશ્વભરમાં આશ્ચર્ય પેદા કર્યું છે. તાજેતરના સમાચાર અનુસાર, યુએસ એરફોર્સનું એક **F-35** જેટ અલાસ્કામાં ક્રેશ થયું હતું. અકસ્માત પહેલા પાઇલટે વિમાનને બચાવવા માટે શક્ય તેટલા પ્રયાસો કર્યા. વિમાનમાં રહેલી ખામીને સુધારવા માટે પાયલોટે લોકહીડ માર્ટિનના પાંચ એન્જિનિયરો સાથે ૫૦ મિનિટ સુધી હવામાં કોન્ફરન્સ કોલ કર્યો. જ્યારે આ પ્રયાસ નિષ્ફળ ગયો, ત્યારે પાઇલટે પેરાશૂટની મદદથી વિમાનમાંથી કૂદવું પડ્યું. આ પછી જેટ અલાસ્કામાં રનવે પર ક્રેશ થયું. અકસ્માતનું કારણ જેટના હાઇડ્રોલિક સિસ્ટમમાં બરફનું જામી હગયો હોવાનું કહેવાય છે, જેના કારણે લેન્ડિંગ ગિયર જામ થઈ ગયો.

ઉડાન ભરતાની સાથે જ પાયલોટે ગિયર પાછો ખેંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ડાબી બાજુ ફસાઈ ગયો. ફરીથી ગિયર નીચે કરવાનો પ્રયાસ પણ નિષ્ફળ ગયો. જેટના સેન્સરે ખોટો સંકેત આપ્યો કે વિમાન જમીન પર ઉતરી ગયું છે, જેના કારણે જેટ નિયંત્રણ બહાર થઈ ગયું. પાયલોટે હવામાં જ એન્જિનિયરો સાથે કોન્ફરન્સ કોલ શરૂ કર્યો અને લગભગ ૫૦ મિનિટ સુધી ખામી સુધારવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન જામ થયેલા ગિયરને સુધારવા માટે બે 'ટચ એન્ડ ગો' લેન્ડિંગનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ બંને વખત નિષ્ફળ ગયા. આખરે, સેન્સરમાંથી ખોટા સિગ્નલોને કારણે જેટ સંપૂર્ણપણે બેકાબૂ બની ગયું અને પાઇલટે પેરાશૂટ સાથે કૂદકો મારવો પડ્યો.

અકસ્માત પછી, જેટ રનવે પર પડ્યું અને સળગવા લાગ્યું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં, જેટ ફરતું અને આગના ગોળામાં ફેરવાતું જોવા મળ્યું. વાયુસેનાની તપાસમાં બહાર આવ્યું છે કે જેટના આગળના અને જમણા લેન્ડિંગ ગિયરના હાઇડ્રોલિકમાં એક તૃતીયાંશ પાણી હતું, જે -૧૮ ડિગ્રી સેલ્સિયસની ઠંડીમાં થીજી ગયું. આ બરફને કારણે ગિયર જામ થઈ ગયો. આશ્ચર્યજનક રીતે અકસ્માતના નવ દિવસ પછી આ જ બેઝ પરના બીજા જેટને પણ 'હાઇડ્રોલિક આઈસિંગ'ની સમસ્યાનો સામનો કરવો પડ્યો, જોકે તે સુરક્ષિત રીતે ઉતર્યું. તપાસમાં સ્પષ્ટ થયું કે કોલ દરમિયાન લેવામાં આવેલા નિર્ણયો અને ખતરનાક સામગ્રીના સંચાલનમાં બેદરકારી આ અકસ્માતના મુખ્ય કારણો હતા.

''ક્વોન્ટમયુગનો આઝાદ–સંભાવનાઓ અને પડકારો'' પર આધારીત

અમરેલી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૯ સપ્ટેમ્બરે નેશનલ સાયન્સ સેમિનાર

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા થયુ આયોજન

અમરેલી, તા. ૨૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગર્વમેન્ટ ઓફ ગુજરાત દ્વારા આયોજીત, ડી.ઈ.ઓ એવમ ડી.પી.ઈ.ઓ.ના માર્ગદર્શન હેઠળ એવમ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ગિરધરભાઈ સંગ્રહાલય અને બાલભવન, અમરેલી ખાતે યોજાનાર જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર તા. ૯ સપ્ટેમ્બર–૨૦૨૫, મંગળવારના રોજ સવારના ૮–૩૦ કલાકથી પ્રારંભ થશે.

સાયન્સ સેમીનારનો મુખ્ય વિષય ''ક્વોન્ટમયુગનો આગાઝ–સંભાવનાઓ અને પડકારો'' પર આધારીત વિષય વસ્તુને આવરી લઈ ધો. ૮ થી ધો.૧૦ના વિદ્યાર્થીઓ ૬ મીનીટનું પ્રેજન્ટેશન પી.પી.ટી/ચાર્ટ પેપર/મૌખીક રીતે રજુ કરશે.

સાયન્સ સેમીનારમાં બે વિદ્યાથીની એક ટીમ સહભાગી થઈ શકશે. શાળાઓના મહ

પોલીસે શેર કરી તસવીર

રાહુલની વોટર અધિકાર યાત્રા વચ્ચે બિહારમાં 3 આતંકી ઘૂસ્યાનો દાવો

રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

પટણા, તા.૨૮

રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા વચ્ચે બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદી ઘૂસ્યા હોવાના અહેવાલ છે. બિહાર પોલીસ હેડક્વાર્ટરે નેપાળ મારફત બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદી ઘૂસ્યા હોવાનું જણાવ્યું છે. જેના લીધે રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બિહાર હેડક્વાર્ટરે જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકી હસનૈન અલી, આદિલ હુસૈન, મોહમ્મદ ઉસ્માન નેપાળના માર્ગેથી બિહારમાં ઘૂસ્યા છે. તેઓ મોટો હુમલો કરવાનો ઈરાદો ધરાવતા હોવાની આશંકા છે. રાજ્યમાં સુરક્ષા બંદોબસ્ત ચુસ્ત કરવામાં આવ્યો છે. તેમજ જિલ્લા સરહદો પર સ્પેશિયલ વિજિલન્સ પણ ગોઠવવામાં આવ્યા છે.

જૈશ-એ-મોહમ્મદના આ ત્રણ આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા છે. રિપોર્ટ અનુસાર, હસનૈન અલી રાવલપીંડીનો રહેવાસી છે. જ્યારે આદિલ હુસૈન ઉમરકોટ અને મોહમ્મદ ઉસ્માન બહવલપુરના રહેવાસી છે. ત્રણ આતંકીના પાસપોર્ટ સંબંધિત માહિતી પણ રજૂ કરવામાં આવી છે. આ આતંકીઓ ઓગસ્ટના બીજા સપ્તાહમાં કાઠમાંડુ પહોંચ્યા હતા. બાદમાં ત્રીજા સપ્તાહે નેપાળ સરહદ પરથી બિહારમાં ઘૂસ્યા હતા.

બિહારમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં આતંકી ગતિવિધિઓને અંજામ આપવાનું ષડયંત્ર હોવાની આશંકા છે. બિહારના ભાગલપુર આસપાસના જિલ્લા અરરિયા, કિશનગંજ, અને સુપૌલ નેપાળની સરહદ પર સ્થિત છે. મધુબની, સીતામઢી, પૂર્વીય ચંપારણ અને પશ્ચિમ ચંપારણ પણ સરહદ પર સ્થિત જિલ્લા છે. આ જિલ્લાઓમાં હાઈ એલર્ટ સાથે સર્ચ ઓપરેશન હાથ ધરાયુ છે.

કેન્દ્ર સરકારની દલીલ

બિલ પર રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના નિર્ણય વિરુદ્ધ કોર્ટમાં અરજી ના કરી શકે રાજ્ય સરકાર

બંધારણીય બેન્ચમાં જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ પીએસ નરસિમ્હા, જસ્ટિસ એએસ ચંદુરકર સામેલ હતા

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, રાજ્ય સરકારો એ નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી ન કરી શકે જે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલે વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો પર લીધો હોય, ભલે રાજ્ય એમ કહે કે તેનાથી લોકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચીફ જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતા વાળી પાંચ જજોની બંધારણીય બેન્ચ સમક્ષ આ વાત કહી. બંધારણીય બેન્ચમાં જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ એએસ ચંદુરકર પણ સામેલ હતા. મહેતાએ કહ્યું કે, રાષ્ટ્રપતિ એ બાબત પર સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવા માંગે છે કે શું રાજ્ય સરકારો બંધારણની કલમ ૩૨ હેઠળ આવી અરજીઓ દાખલ કરી શકે છે? તેમણે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ એ પણ જાણવા માંગે છે કે, બંધારણની કલમ ૩૬૧નો દાયરો શું છે. આ આર્ટિકલ કહે છે કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ પોતાની સત્તાઓ અને ફરજોના નિર્વાહ માટે કોઈપણ કોર્ટ પ્રત્યે જવાબદાર રહેશે નહીં.

મહેતાએ બંધારણીય બેંચને જણાવ્યું કે, આ સવાલો પર અગાઉ પણ ચર્ચા થઈ ચૂકી છે. પરંતુ રાષ્ટ્રપતિનો મત છે કે કોર્ટનો સ્પષ્ટ અભિપ્રાય જરૂરી છે, કારણ કે ભવિષ્યમાં આવો મામલો ફરી ઉઠી શકે છે. તેમણે કહ્યું કે, કલમ ૩૨ હેઠળ રાજ્ય સરકાર વતી રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના નિર્ણયોને પડકારતી અરજી સ્વીકારી શકાતી નથી. આવા કેસોમાં કોર્ટ નઈ તો નિર્દેશ આપી શકે છે અને ન તો આ નિર્ણયોને કોર્ટમાં પડકારી શકાય છે.

તેમણે આગળ કહ્યું કે, કલમ ૩૨નો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે. પરંતુ બંધારણીય માળખામાં રાજ્ય સરકાર પોતે મૂળભૂત અધિકારો ધરાવતી નથી. રાજ્ય સરકારની ભૂમિકા પોતાના નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાની છે. સોલિસિટર જનરલે ૮ એપ્રિલના એ નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જો રાજ્યપાલ સમય મર્યાદામાં બિલો પર નિર્ણય નહીં લે, તો રાજ્ય સીધું સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે છે. આના પર સીજેઆઈ ગવઈએ કહ્યું કે, હું ૮ એપ્રિલના બે જજોના નિર્ણય પર કોઈ ટિપ્પણી નહીં કરીશ, પરંતુ એમ પણ કહ્યું કે રાજ્યપાલ દ્વારા કોઈ પણ બિલને છ મહિના સુધી પેન્ડિંગ રાખવું યોગ્ય નથી. મહેતાએ જવાબમાં કહ્યું કે જો કોઈ બંધારણીય સંસ્થા પોતાની ફરજોનું પાલન નથી કરતી, તો તેનો અર્થ એ નથી કે કોર્ટ બીજી બંધારણીય સંસ્થાને આદેશ આપી દે. તેના પર CJI એ કહ્યું કે, હા અમે સમજીએ છીએ કે તમે શું કહી રહ્યા છો. પરંતુ જો આ કોર્ટ પોતે જ ૧૦ વર્ષ સુધી કોઈ કેસનો ઉકેલ ન લાવે, તો શું રાષ્ટ્રપતિને કોઈ આદેશ આપવાનો અધિકાર રહેશે? સુનાવણી હજુ પણ ચાલુ છે.

૨૬ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે, જો રાજ્યપાલ કોઈ બિલ પર અનિશ્ચિત સમય સુધી નિર્ણય ન લે, તો શું કોર્ટ પાસે કોઈ ઉપાય નહીં રહેશે? શું બજેટ જેવા મહત્વપૂર્ણ બિલ પણ રાજ્યપાલની સ્વતંત્ર સત્તાને કારણે અટકી શકે છે? સુપ્રીમ કોર્ટે આ સવાલ ત્યારે ઉઠાવ્યો જ્યારે કેટલાક ભાજપ શાસિત રાજ્યોએ કહ્યું કે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને બિલ પર નિર્ણય લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. આ રાજ્યોએ એમ પણ કહ્યું હતું કે કોર્ટ દરેક સમસ્યાનો ઉકેલ ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટ હાલમાં રાષ્ટ્રપતિ તરફથી એક બંધારણીય સંદર્ભ પર સુનાવણી કરી રહી છે જેમાં પૂછવામાં આવ્યું છે કે, શું કોર્ટ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને એ નિર્દેશ આપી શકે કે, તેઓ ધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો પર નિશ્ચિત સમયમર્યાદામાં નિર્ણય લઈ લે? મે મહિનામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ કલમ ૧૪૩ (૧) હેઠળ સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય માંગ્યો હતો કે, શું કોર્ટ રાષ્ટ્રપતિને નિર્દેશ આપી શકે કે, કે રાજ્ય વિધાનસભાથી આવેલા બિલો પર ક્યારે અને કેવી રીતે નિર્ણય લે.

શ્રીનગરમાં જેલમના પાણી ઘરોમાં ઘૂસ્યા

જમ્મુ-કાશ્મીરમાં વરસાદે ભારે વિનાશ વેર્યો, ૪૧ લોકોનાં મોત

જમ્મુમાં ૨૪ કલાકમાં આશરે ૧૫ ઈંચ વરસાદ ખાબક્યો, ૧૯૧૦ પછી એક દિવસમાં નોંધાયેલો સૌથી વધુ વરસાદ

જમ્મુ/શ્રીનગર, તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા અતિભારે વરસાદને કારણે ભારે વિનાશ જોવા મળ્યો છે. વૈષ્ણોદેવીમાં ભૂસ્ખલન સહિત વરસાદ સંલગ્ન ઘટનાઓને લીધે ક્ષેત્રમાં મૃત્યુઆંક વધીને ૪૧ પર પહોંચ્યો છે જેમાં વૈષ્ણો દેવી રૂટ પર ભૂસ્ખલનના હતભાગીઓનો આંકડો સૌથી વધુ ૩૪ રહ્યો છે. મંગળવારે વૈષ્ણો દેવી યાત્રાના રૂટ પરનો માર્ગ એકાએક ઘસી પડ્યો હતો જેમાં ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. સળંગ બીજા દિવસે વૈષ્ણો દેવી યાત્રા બંધ રાખવાની ફરજ તંત્રને પડી હતી. બુધવારે વરસાદે થોડો વિરામ લેતા રાહત તેમજ બચાવ કામગીરી ઝડપી બની શકી હતી. જમ્મુમાં બુધવારે સવારે ૮.૩૦ સુધી ૨૪ કલાકના ગાળામાં કેરોર્ડ ૩૮૦ મીમી (૧૫ ઈંચ) વરસાદ નોંધાયો હતો. ૧૯૧૦ પછી એક દિવસમાં પડેલો આ સૌથી વધુ વરસાદ છે. મૂશળધાર વરસાદ વરસતાં તેમજ વાદળ ફાટવાની ઘટનાઓને પગલે ફ્લેશ ફ્લડથી પર્વતીય વિસ્તારોમાં જમીન ધોવાઈ જતા ઠેર ઠેર તબાહીના દ્રશ્યો જોવા મળ્યા હતા. વૈષ્ણો દેવીની ઘટનામાં મૃતકો અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ હતું. મૃતકોના પરિવારજનોને તેમણે સાંત્વના પણ પાઠવી હતી. વિક્રમી વરસાદને પગલે જમ્મુ અને કટરાથી ઉપડતી તથા આવતી સંખ્યાબંધ ટ્રેનો મંગળવારે રદ કરવામાં આવી હતી. કેટલીક ટ્રેનોના રૂટ પણ ટૂંકાવવાની ફરજ પડી હતી. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે ક્ષેત્રમાં વરસાદ અને પૂરની સ્થિતિથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વાકેફ કર્યા હોવાનું જણાવ્યું હતું. પીએમે કેન્દ્ર તરફથી તમામ મદદ કરવાનું આશ્વાસન આપ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શ્રીનગરની જીવાદોરી ગણાતી જેલમ નદીમાં બુધવારે સવારે પાણીનું સ્તર આંશિક ઘટ્યું હતું પરંતુ તેમ છતાં તે ભયજનક સપાટી ઉપરથી વહી રહી હોવાથી પૂરનું જોખમ યથાવત હતું. કેટલાક રહેણાક તેમજ વ્યવસાયિક વિસ્તારોમાં જેલમના પાણી ઘૂસ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાંથી લગભગ ૧૦ હજાર લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરાયું હતું. જમ્મુ-કાશ્મીરમાં વ્યાપક વરસાદને લીધે પ્રદેશમાં આવેલા તમામ જળસ્રોતો છલકાઈ ગયા હતા. ડેમોમાંથી પાણી છોડવાની ફરજ પડતાં નીચાણવાળા વિસ્તારો અને સરહદી ક્ષેત્રો પઠાણકોટ તેમજ પંજાબમાં પણ તેની અસર થઈ હતી. મંગળવારે ભૂસ્ખલનને લીધે ઓપ્ટિકલ ફાઈબર લાઈનને પણ નુકસાન થતા જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા ઠપ થઈ ગઈ હતી. બુધવારે વરસાદે થોડ વિરામ લેતાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા પુનઃ શરૂ કરાઈ હતી. વૈષ્ણો દેવી રૂટ પર રાહત-બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી હોવાથી યાત્રા સળંગ બીજા દિવસે પણ બંધ રખાઈ હતી. મંગળવારે ભૂસ્ખલન થતાં હિમકોટી ટ્રેક રૂટ પર જ યાત્રાળુઓને અટકાવી દેવામાં આવ્યા હતા. માતા વૈષ્ણો દેવીના મંદિર તરફનો જૂનો માર્ગ પણ સત્તાધીશોએ સાવચેતીને પગલે બંધ કર્યો હતો. ડોડા જિલ્લામાં વરસાદને પગલે ત્રણ મહિલાઓ સહિત ચાર લોકોના મોત થયા હતા જે પૈકી બેના મૃતદેહ મળ્યા હતા. મૃતકોમાં પ્રગવાલનો બીએસએફ જવાન સામેલ હતો. અખનૂરમાંથી પ્રાપ્ત થયેલા અન્ય મૃતદેહની ઓળખ થઈ શકી નહતી. પંજાબ બોર્ડર નજીક લખનપુર ખાતેથી સિંચાઈ વિભાગના એક કર્મચારીનો મૃતદેહ મળ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

રાજ્યમાં અત્યાર સુધી ૮૫% વરસાદ

૧૦૦ ડેમ હાઈએલર્ટ અને ૨૫ ડેમ એલર્ટ પર

ગુજરાતમાં અત્યાર સુધી સારો વરસાદ પડ્યો છે, વરસાદને કારણે ડેમોમાં નવા પાણીની આવક થઈ છે

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૮૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ૮૯ ટકા વરસાદ, કચ્છમાં ૮૫.૧૪ ટકા, સૌરાષ્ટ્રમાં ૮૩.૮૪ ટકા, જ્યારે પૂર્વ-મધ્યમાં ૮૧.૦૩ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઈઁઝ, ગાંધીનગર ની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૭૯.૦૩ ટકા ભરાયેલો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૭૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૭૦ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૨૫ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૨૦ ડેમ ૨૫ ટકા થી ૫૦ ટકા વચ્ચે અને ૧૬ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૧૦૦ ડેમ હાઈ એલર્ટ, ૨૮ ડેમ એલર્ટ તથા ૧૭ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં ચાલુ ચોમાસાની સ્થિતિમાં તા.૦૧ જૂન ૨૦૨૫થી હમણાં સુધી ૫૩૧૧ નાગરિકોનું સ્થળાંતર અને ૧૦૦૫ પાણીમાં ફસાયેલા વ્યક્તિઓનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસ.ટી બસોના સફળ આયોજનના પરિણામે નહિવત ટ્રીપો રદ કરીને ૧૪ હજાર થી વધુ રૂટ ઉપર ૪૦ હજારથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને વાહન વ્યવહારની સુવિધા નાગરિકોને પહોચાડવામાં આવી છે. ગુજરાતના માછીમારોને તા.૨૮ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી દરિયો નહિ ખેડવા IMD દ્વારા જણાવાયું છે.

મોહમ્મદ શમીનું દર્દ છલકાયું

જો હું દુલીપ ટ્રોફી માટે ફીટ છું તો એશિયા કપ માટે કેમ નહીં

એશિયા કપ ૨૦૨૫ ટીમમાં મોહમ્મદ શમીને ટીમ અને રિઝર્વ બંનેમાંથી બહાર રાખવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૨૮

ભારતીય ટીમના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ એશિયા કપ ૨૦૨૫ ટીમમાં સ્થાન ન મળવા અંગે મોટું નિવેદન આપ્યું છે. ભારતે આ ટુર્નામેન્ટ માટે પાંચ બોલરોની પસંદગી કરી છે, જેમાંથી ત્રણ ફાસ્ટ બોલરો જસપ્રીત બુમરાહની આગેવાનીમાં રહેશે, પરંતુ શમીને ટીમ અને રિઝર્વ બંનેમાંથી બહાર રાખવામાં આવ્યો છે. શમીને એશિયા કપ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યા બાદ એવું માનવામાં આવી રહ્યું હતું કે તે ફિટનેસને કારણે બહાર થઈ ગયો છે પરંતુ હવે શમીએ સ્પષ્ટ કરી દીધું છે કે, તે એકદમ ફીટ છે અને દુલીપ ટ્રોફી રમવા માટે તૈયાર છે. આ દરમિયાન તેણે BCCI સિલેક્ટર્સને પણ આડે હાથ લીધા.

વાસ્તવમાં ભારતીય બોલર મોહમ્મદ શમીએ એશિયા કપ ૨૦૨૫ ટીમમાં સ્થાન ન મળવા પર પોતાનું મૌન તોડ્યું છે. આ વખતે ટીમ ઈન્ડિયાએ પાંચ સ્પેશિયાલિસ્ટ બોલરોની પસંદગી કરી છે, જેમાં ત્રણ બોલર જસપ્રીત બુમરાહની આગેવાનીમાં સામેલ છે. પરંતુ શમીને ન તો મુખ્ય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે અને ન તો તેને રિઝર્વ ખેલાડીઓમાં સ્થાન મળ્યું છે.

તમને જણાવી દઈએ કે, શમી આ વર્ષે ઈંગ્લેન્ડ સામેની ઘરેલુ T20 સીરિઝમાં લગભગ ત્રણ વર્ષ પછી ફોર્મેટમાં વાપસી કરી હતી. જોકે, રાજકોટમાં વાપસી મેચમાં તેને કોઈ સફળતા નહોતી મળી, પરંતુ મુંબઈમાં રમાયેલી મેચમાં તેણે ત્રણ વિકેટ ખેરવી હતી.

આઈપીએલ ૨૦૨૫માં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે શમીનું પ્રદર્શન ફ્લોપ રહ્યું હતું. તેણે ૯ મેચમાં માત્ર ૬ વિકેટ ખેરવી હતી અને તેનો ઈકોનોમી રેટ ૧૧.૨૩ રહ્યો હતો. આ દરમિયાન તેને કેટલીક મેચોમાં બહાર પણ બેસવું પડ્યું હતું. ત્યારબાદ ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝ અને પછી એશિયા કપ ટીમમાંથી પણ તેને અવગણવામાં આવ્યો.

ઘણા લોકો એવું માની રહ્યા હતા કે, શમીની બહાર રાખવાનો નિર્ણય ફિટનેસના કારણે લેવામાં આવ્યો, પરંતુ શમીએ સ્પષ્ટ કરી દીધું છે કે, તે દુલીપ ટ્રોફઈ રમવા માટે તૈયાર છે. તેણે કહ્યું કે, હું મારી પસંદગી ન થવા બદલ કોઈને દોષ નથી આપતો. જો હું ટીમ માટે યોગ્ય હોઉં તો મને પસંદ કરો, જો નહીં તો કોઈ સમસ્યા નથી. સિલેક્ટર્સની જવાબદારી છે કે, ટીમ ઈન્ડિયા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે. મને મારી ક્ષમતા પર વિશ્વાસ છે કે જ્યારે પણ મને તક મળશે, હું મારું શ્રેષ્ઠ આપીશ. હું સખત મહેનત કરી રહ્યો છું. જ્યારે શમીને પૂછવામાં આવ્યું કે, શું તમે એશિયા કપ રમવા માટે ફીટ હતા? તેના જવાબમાં શમીએ કહ્યું કે, જો હું દુલીપ ટ્રોફી રમી શકું તો T20 કેમ ન રમી શકું?

ટ્રમ્પના સલાહકારની ભારતને વણમાગી સલાહ

'ભારત પીછેહઠ નહીં કરે તો કોઈ રાહત નહીં મળે'

હેસેટે કહ્યું મને લાગે છે કે આ એક જટિલ સંબંધ છે. તેનો એક ભાગ રશિયા પર દબાણ લાવવાના અમારા પ્રયાસો સાથે સંબંધિત છે

નવી દિલ્હી, તા.૨૮

અમેરિકા અને ભારત વચ્ચે વેપાર તણાવ ફરી એકવાર વધ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિકાસ કરાયેલા માલ પર ૫૦% ટેરિફ લાદી દીધો છે. આ દરમિયાન યુએસ નેશનલ ઈકોનોમિક કાઉન્સિલના ડિરેક્ટર અને વ્હાઈટ હાઉસના સલાહકાર કેવિન હેસેટે કહ્યું છે કે જો ભારત અમેરિકન ઉત્પાદનો માટે પોતાનું બજાર નહીં ખોલે, તો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનું વલણ નરમ નહીં કરે. હેસેટે કહ્યું કે જો ભારત પીછેહઠ નહીં કરે, તો મને નથી લાગતું કે પ્રમુખ ટ્રમ્પ પણ કોઈ છૂટ આપશે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતી વખતે તેમણે ભારત સામે અમેરિકન ઉત્પાદનો માટે પોતાનું બજાર ન ખોલવામાં હઠીલું વલણ અપનાવવાનો આરોપ લગાવ્યો અને સંકેત આપ્યો કે જો ભારત પીછેહઠ કરવાનો ઈનકાર કરશે તો પ્રમુખ ટ્રમ્પ પોતાનું વલણ કડક કરી શકે છે. હેસેટે કહ્યું, "મને લાગે છે કે આ એક જટિલ સંબંધ છે. તેનો એક ભાગ રશિયા પર દબાણ લાવવાના અમારા પ્રયાસો સાથે સંબંધિત છે જેથી શાંતિ કરાર થઈ શકે અને લાખો લોકોના જીવ બચાવી શકાય અને પછી તેનું બજાર ખોલવામાં ભારતનું હઠીલું વલણ પણ આમાં શામેલ છે." તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શને પુષ્ટિ કરી છે કે બુધવારથી ભારતીય માલ પર ટેરિફમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ૬ ઓગસ્ટના એક્ઝિક્યુટિવ ઓર્ડર પછી આ પગલું લેવામાં આવ્યું છે. આ પાછળનું કારણ ભારત દ્વારા રશિયન તેલની ખરીદી અને વેપાર કરારમાં વિલંબ હોવાનું કહેવાય છે.

ટ્રમ્પે મોદીને ૨૪ કલાકનો સમય આપ્યો હતો : કોંગ્રેસ

ટ્રમ્પના આદેશના પાંચ જ કલાકમાં મોદીએ પાક. સાથે યુદ્ધ રોક્યું : રાહુલ

ભાજપ પહેલા મતોની ચોરી કરે છે પછી અધિકારોની, લોકસભાની ચૂંટણીમાં ૭૦ બેઠકો પર વોટચોરી થઇ

પટણા, તા.૨૮

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાલ બિહારમાં મતદાર અધિકાર યાત્રા કાઢી રહ્યા છે. તેમની આ રેલી મુઝફ્ફરપુર પહોંચી હતી જ્યાં ઈન્ડિયા ગઠબંધનના એમ. કે. સ્ટાલિન, આરજેડીના તેજસ્વી યાદવ સહિત અન્ય પક્ષના નેતાઓ જોડાયા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ પાકિસ્તાન અને ભારત વચ્ચે શસ્ત્ર વિરામને લઈને વડાપ્રધાન મોદી પર પ્રહાર કર્યા હતા અને દાવો કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શસ્ત્ર વિરામ કરવા આદેશ આપ્યા તેના પાંચ જ કલાકમાં મોદીએ પાકિસ્તાન સાથેનું યુદ્ધ અટકાવી દીધુ હતું.

બિહારના મુઝફ્ફરપુરમાં રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે શું તમે લોકો જાણો છો કે ટ્રમ્પે આજે શું કહ્યું છે? ટ્રમ્પે કહ્યું છે કે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં ઘર્ષણ ચાલી રહ્યું હતું, યુદ્ધની સ્થિતિ હતી ત્યારે મે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને કહ્યું કે ભારત પાકિસ્તાન સાથેનું યુદ્ધ અટકાવે, મે મોદીને ૨૪ કલાકનો સમય આપ્યો છે. જોકે મોદીએ ટ્રમ્પનો આદેશ મળ્યાના પાંચ જ કલાકમાં યુદ્ધ અટકાવી દીધુ હતું. તેવો દાવો રાહુલ ગાંધીએ કર્યો હતો. બિહારના સિતામઢીમાં રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ વોટચોરીનો મુદ્દો છેડયો હતો, તેમણે કહ્યું હતું કે ભાજપે લોકસભાની ચૂંટણી દરમિયાન ૬૦થી ૭૦ બેઠકો પર વોટચોરી કરી હતી જે અંગે હું ખુલાસો કરીશ, હું ભાજપને હજુ વધુ ખુલ્લો પાડીશ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અને ચૂંટણી કમિશન વોટ ચોરો છે, આગામી છ મહિનામાં હું તેમને ખુલ્લા પાડીશ. ભાજપ પહેલા તમારા મતોની ચોરી કરશે બાદમાં તમારા અધિકારોની ચોરી કરશે. ભાજપે મહારાષ્ટ્રની ચૂંટણીમાં મતદારોની યાદીમાં બનાવટી લોકોને ઘૂસાડયા અને પછી ચૂંટણી જીતી ગયો.

૨૦૩૮ સુધીમાં બીજી ટોચની ઈકોનોમી બનશે

ટ્રમ્પના ટેરિફ દબાણ વચ્ચે ભારતનું અર્થતંત્ર વેગવાન

ઈવાય દ્વારા ઓગસ્ટમાં જાહેર ઈકોનોમી વોચ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૮

ભારત પર અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લાદી દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ તે સફળ નહીં થાય. ભારત ૨૦૩૮ સુધીમાં વિશ્વનું બીજુ ટોચનું અર્થતંત્ર બનવાનો દાવો ઈવાય રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. ભારતનો જીડીપી ૨૦૩૮ સુધીમાં ૩૪.૨ લાખ કરોડ ડોલર નોંધાશે.

ઈવાય દ્વારા ઓગસ્ટમાં જાહેર ઈકોનોમી વોચ રિપોર્ટ અનુસાર, ભારતનો ગ્રોથ ફક્ત વસ્તી વિષયક માહિતી સુધી જ નહીં પરંતુ માળખાકીય સુધારાઓ અને સ્થિતિસ્થાપક મૂળભૂત બાબતોમાં પણ મજબૂત બન્યો છે.

તમામ પડકારોનો સામનો કરતાં ભારત હાલ વિશ્વની ચોથી ટોચની અર્થવ્યવસ્થા બન્યું છે. મજબૂત આર્થિક પાયા સાથે દેશ ઝડપથી વિકાસ સાધી રહ્યો છે. ટેરિફમાં પ્રેશર અને મંદ વેપાર જેવા વૈશ્વિક પડકારો હોવા છતાં સ્થાનિક માગમાં વધારો અને આધુનિક ટેક્નોલોજીની વધતી ક્ષમતાઓના કારણે ભારતનું અર્થતંત્ર મજબૂત છે. આગામી પાંચ વર્ષમાં ભારતનો જીડીપી ૨૦.૭ લાખ કરોડે આંબશે.

ઈવાય રિપોર્ટ અનુસાર, અમેરિકા, ચીન, જર્મની અને જાપાનની તુલનાએ ભારતની આર્થિક સ્થિતિ સારી છે. ચીન ૨૦૩૦ સુધીમાં અંદાજિત ૪૨.૨ લાખ કરોડ ડોલરનો જીડીપી હાંસલ કરી શકે છે. જો કે, વૃદ્ધોની વધતી વસ્તી અને વધતુ દેવું તેના માટે પડકારરૂપ બની શકે છે. અમેરિકાએ ટેરિફ લાદતાં અમેરિકા પર મોંઘવારીનો બોજો વધશે. જેથી તેની જીડીપી મંદ રહેવાની ભીતિ છે. જર્મની અને જાપાન પણ વિકસિત છે. પરંતુ તે મુખ્યત્વે વૈશ્વિક વેપાર પર નિર્ભરતા ધરાવે છે. જ્યારે ભારતની પાસે વિવિધ ક્ષેત્રે અઢળક ક્ષમતા જોવા મળી છે. તેની વધતી યુવા વસ્તી, સ્થાનિક માગ અને ટકાઉ રાજકોષિય આઉટલૂકના કારણે જીડીપી ગ્રોથ વધશે. સ્થાનિક માગની સાથે સાથે સ્થાનિક ઉત્પાદનને પણ વેગ અપાઈ રહ્યો છે. જે જીડીપીને ટેકો આપશે.

ઈવાય ઈન્ડિયાના ચીફ સ્ટ્રેટેજિસ્ટ એડવાઈઝર ડીકે શ્રીવાસ્તવે જણાવ્યું કે, ભારતની તુલનાત્મક ક્ષમતાઓ, યુવા વસ્તી અને કુશળ કાર્યબળની સાથે સાથે મજબૂત બચત અને રોકાણ દેશના ગ્રોથમાં વધારો કરશે. ટેક્નોલોજીની ઉન્નત ક્ષમતાઓનું નિર્માણ કરતાં ૨૦૪૭ સુધીમાં ભારત પોતાની વિકસિત અર્થતંત્રની મહત્ત્વાકાંક્ષા હાંસલ કરી શકે છે. વિવિધ રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના અર્થતંત્ર પર આપવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ભારતની અર્થવ્યવસ્થા વેગવાન બની છે. હાલ તે અમેરિકા, ચીન, જાપાન બાદ ચોથી ટોચની ઈકોનોમી છે. આગામી ત્રણ-ચાર વર્ષમાં તે વિશ્વની ત્રીજી ટોચની ઈકોનોમી બનશે.

ટેક્નોલોજી, ફાઈનાન્સ, સંરક્ષણ અને કન્ઝ્યુમર માર્કેટમાં તેની પકડ મજબૂત છે. બીજી તરફ ચીન અમેરિકાને આકરી ટક્કર આપવા સક્ષમ છે. તે પોતાની મેન્યુફેક્ચરિંગ, નિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ ક્ષમતાઓના માધ્યમથી આગામી વર્ષોમાં વિશ્વની મહાસત્તા ધરાવતું અર્થતંત્ર બની શકે છે.

ટ્રમ્પ સરકારના કડક પગલાંથી વિઝા અને ગ્રીન કાર્ડ રદ થવાનું જોખમ

વિદેશી વિદ્યાર્થીઓ માટે અમેરિકાનો મોટો નિર્ણય, નવા વિઝા નિયમ લાગુ કર્યા

પત્રકારો માટેનો વિઝા, જે હાલમાં વર્ષો સુધી ચાલી શકે છે, તે હવે ૨૪૦ દિવસ સુધીના રહેશે. જોકે, ચીનના નાગરિકો માટે આ મુદત માત્ર ૯૦ દિવસની રહેશે

નવી દિલ્હી, તા.૨૮

અમે

અમરેલી ખાતે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતી સમાજ–અમરેલી દ્વારા સંચાલીત કેળવણી સહાયક મંડળના પ્રમુખ રમણીકભાઈ મારૂ તથા તેમની પુરી કારોબારી મેમ્બરો દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો. તા. ૨૪/૦૮/૨૦૨૫ના રવિવારના રોજ શ્યામવાડી લીલીયા રોડ અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ધો. ૧થી લઈને માસ્ટર ડીગ્રી સુધી કુલ ૨૪૫ જ્ઞાતીના પ્રતીભાવંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત ભગવાન વિકર્મા, સરસ્વતી માતા તેમજ ગુરૂવર્ય શ્રી શામજીબાપુ સમક્ષ દીપ પ્રાગટય દ્વારા કરવામા આવેલ. આ સમારંભના અધ્યક્ષ સ્થાને જ્ઞાતી પ્રમુખ ભરતભાઈ કે. ટાંક રહ્યા હતા. કાર્યક્રમમાં ટ્રસ્ટી મંડળના સભ્યો, ચલાલા, લીલીયા વગેરે ગામથી જ્ઞાતી આગેવાનો, વિવિધ મંડળોના આગેવાનો તથા ભુતપુર્વ ટ્રસ્ટીઓ તથા દાતાઓ હાજર રહેલ. કાર્યક્રમના સ્ટેજ સંચાલક તરીકે યોગેશભાઈ જેઠવા તથા ખુશી ચૌહાણે સેવા આપી હતી. પધારેલ આમંત્રીત મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી સન્માનીત કર્યા હતા. આ કાર્યક્રમમાં વચ્ચે વચ્ચે સાંસ્કૃતિક કૃતિઓ બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ હતી. તેમજ ભોજન પ્રસાદ કેળવણી મંડળ તરફથી આયોજન કરેલ જેની રસોડામાં પીરસવાની વ્યવસ્થા કડીયા સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકી તથા તેની પુરી ટીમ દ્વારા સેવા બજાવવામા આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થઈ ભોજન પ્રસાદ લઈને છુટા પડેલા હતા. આ સમગ્ર કાર્યક્રમ માટે જ્ઞાતીજનોએ કેળવણી મંડળના સભ્યો, પ્રમુખ રમણીકભાઈ મારૂ, યોગેશભાઈ જેઠવા, જયેશભાઈ ભરડવા, ચીમનભાઈ ટાંક, અશોકભાઈ મકવાણા, સી.પી. ટાંક, હિરેનભાઈ સોલંકી, સી.કે. ટાંક, યોગેશભાઈ પરમાર, અમિતભાઈ ટાંક તથા પ્રદિપભાઈ મારૂને આ કાર્યક્રમ સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

અમરેલી ખાતે સીનિયર સિટીઝન સોસાયટીની ઓગષ્ટ માસની બેઠક યોજાઈ

વન ભોજન ઉત્સવ અને ભકિતગીતો રજુ થયા

અમરેલી, તા. ૨૮

સિ.સિ. મંડળની ઓગષ્ટ માસની મીટીંગ વનભોજન ઉત્સવ અને રાષ્ટ્રગીતો અને કૃષ્ણ ભકિતના ગીતો દ્વારા ઉજવવામાં આવી.

પ્રાર્થનાથી શરૂઆત થઈ બાદ મંત્રી સુરેશભાઈ ત્રિવેદીએ સૌ વડીલોને આવકાર આપ્યો. બાદ વિજયાલક્ષ્મીબેન, કુસુમબેન, સુમનબેન, સરલાબેન જોષી અને બીનાબેન ત્રિવેદી, વકાણીભાઈ દ્વારા મેરે દેશ કી ધરતી, સુરેશભાઈ ત્રિવેદીએ સુનલો બાપુ કી પૈગામ ખૂબ સરસ રીતે રજુ કરી આનંદ પમાડયો. કે.પી. પંડયાએ બંસરી પર ધૂન સરસ રીતે રજુ કરી. બાદ જન્મદિવસ શુભેચ્છા આપવામાં આવી. આ મીટીંગમાં ઈનરવ્હીલ કલમ ઓફ અમરેલી ગીરના પ્રેસીડેન્ટ નીધિ મહેતા તથા સેક્રેટરી બીનાબેન હાજર રહેલ. તેમનું શાલ પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. તેઓએ મંડળના ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને સન્માનપત્ર એનાયત કરી વડીલોને તંદુરસ્ત જીવન જીવવા બદલ શત–શત નમન કર્યા.

આજના ભોજનના સ્પોન્સર શોભનાબેન જોષી, તરૂલતાબેન વ્યાસ, સોનલબેન નાંઢા, ભારતીબેન રૈયાણી, ગીતાબેન વ્યાસ, ચંદ્રીકાબેન હરિયાણી, જયોત્સનાબેન પાઠક અને જગદીશભાઈ જોષી વિગેરેનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ.

આજના આ કાર્યક્રમમાં ગુજરાત રાજયનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા વડીલોના આર્શીવાદ લેવા પધારતા પ્રમુખ રવજીભાઈ કાચાએ તેમનું શાલ, પુષ્પગુચ્છથી સન્માન કર્યુ. તેમણે જણાવ્યુ કે અમરેલીમાં આવુ સરસ વડીલોનું મંડળ ચાલે છે. તેમની પ્રવૃતિ જોઈ સૌને વંદન કરૂ છું. કિરણભાઈ નાંઢાએ આભાર વ્યકત કર્યો. ટોમભાઈએ અન્ય માહિતી આપી. બિનાબેન ત્રિવેદીનું કાર્યક્રમનું સંચાલન સરસ રહ્યું. રાષ્ટ્રગીત બાદ સૌ વડીલોને વનભોજન કર્યુ તેમ કનુભાઈ જોષીની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાંથી રાજકોટની મહિલા**

આ મહિલાને પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલ હતા. પોલીસ સ્ટેશન ખાતે પોલીસે પુછપરછ કરતાં તેણીએ જણાવેલ કે, તેઓ ગોકુલ ગૌશાળા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગૌસેવા તથા અન્નક્ષેત્ર નામની બંધ થઈ ગયેલ ગૌશાળાના નામે ખોટી પહોંચ બુક બનાવી પોતાના આર્થીક લાભ માટે ગામે ગામ ફરી અને પોતાની પાસે રહેલ બનાવટી પહોંચ આપી ફાળાના નામે નાણાં મેળવી ફરીયાદી તથા અન્ય લોકો સાથે ઠગાઈ કરી ગુનો કરતી હોય આથી સીટી પોલીસે અમરેલીના વેપારીની ફરિયાદ નોંધી મહિલા આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયા તાલુકા ડાયમંડ એસોસીયેશન દ્વારા**

લાઈનમેન હાજર રાખવા કારણ કે રવિવારે ઓફીસ સ્ટાફ હોતો નથી પાવર ફોલ્ટમાં જાય ત્યારે તકલીફ પડે છે, લીલીયા પીજીવીસીએલમાં ફોલ્ટ સેન્ટર ઉપર બેફોન મુકવા કારણ લાંબા સમય સુધી પાવરની જાણ થતી નથી, ૧૦થી ૧૫ મીનીટ સુધી ફોન લાગતા નથી ફોન એંગેજ આવે છે, ૬૬ કેવીમાં ટ્રેપીંગ આવે તો ૩ મીનીટમાં લાઈટ શરૂ કરવી જોઈએ ત્યાં પણ ફોન લાગતા નથી, ફોનમાં એંગેજ આવ્યા રાખે છે, પાવર કેટલો સમય પાવર બંધ રહેશે તેની વિગત જાણવા માટે, લીલીયા સીટીમાં ટીસી બદલવાનું થાય તો સમય ૧૨ થી ૨ સુધી અથવા તો ૬ થી ૭:૩૦ વાગ્યા સુધીમાં બદલવુ તેની જાણ હીરા યુનીયનને કરવી, મોટા તહેવાર જેવા કે જન્માષ્ટમી, મકરસંક્રાંતી, ધુળેટી આવા તહેવારમાં પાવર કાપ ફેરફાર કરી આપવામાં આવે ખાલી એક દિવસ પુરતો પછી રાબેતા મુજબ, રાત્રીનાં લાઈનમેન કર્મચારી હોઈ તેને દિવસના કર્મચારી હાજર થાય પછી જ ઓફીસ છોડવી જોઈએ આ સમયમાં લાઈન ફોલ્ટ હોય તો ૯ વાગ્યા સુધી કોઈ હોતુ નથી, ફોલ્ટ લીલીયા સીટીમાં હોય કે વાડી વિસ્તારમાં હોય ગાડી એકજ હોય ગાડીનો વધારો કરવો તેમજ સ્ટાફ પુરતો રાખવા બાબત પણ ચર્ચા કરાઈ. હવે મોટા સીટીમાં ફોલ્ટ રીપેરની ઓટોમેટીક ઘોડી છે તો તાલુકા લેવલે આવી મશીનરી જલ્દી મળે જેથી ફોલ્ટ જલ્દી રીપેર થાય.

પાવર બંધ રેવાનો છે તેનો મેસેજ સાંજનાં ૬ કલાકે નાખવામાં આવે છે ત્યાં હીરાના કારખાના અડધા બંધ થય ગયા હોય છે જેથી તે મેસેજમાં ફેરફાર કરીને બપોરનાં ૪ કલાકે મેસેજ નાખવો જોઈએ. લીલીયામાં સ્ટાફને ફોલ્ટ સવારે કાગળ પકડાવીને મોકલી દે સ્ટાફ કાગળ લઈને નીકળી જાય પછી કોણે શું કર્યુ અને કયારે કર્યુ તેની તપાસ ઈઝનેર દ્વારા કરવામાં આવે જેવા કુલ તેર પ્રશ્નો ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ પી.જી.વી.સી.એલ. અધિકારી સહિત તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, કાનજીભાઈ નાકરાણી સહિતના તાલુકા પંચાયત સદસ્યો તેમજ ડાયમંડ એસોસિએશનની ટીમની ઉપસ્થિતિ વચ્ચે ઘણા ખરા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ તેમજ બાકી પ્રશ્નો તાત્કાલિક હલ થાય તેવું અધિકારીઓ દ્વારા કહેવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે

શાળાના ટ્રસ્ટીઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા

બાબરામાં પરિશ્રમ શાળામાં ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ઈકો ફ્રેન્ડલી વિઘ્નહર્તા ગણપતિ દાદાની સ્થાપના કરાઈ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરામાં પરિશ્રમ શાળમાં ગણેશ મહોત્સવની ભવ્ય અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. અહીં શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈના માર્ગદર્શન હેઠળ ગણેશ ચતુર્થી નિમિત્તે બાળકો દ્વારા ગણેશજીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવીની પૂજા અર્ચના કરી સ્થાપના કરવામાં આવી હતી. શાળામાં આગામી દસ દિવસ સુધી ઉત્સવ ચાલશે. જેમાં વિવિધ પ્રકારની એકિટવિટી શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવા તથા આચાર્ય નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ આ સંપૂર્ણ કાર્યક્રમ ઉજવાશે.

કાળઝાળ મોંઘવારીમાં ૧૨૦૦ રૂપરડીથી ન ચાલે

લીલીયા મોટા : નિરાધાર–વિધવા વૃધ્ધોને મળતી આર્થિક સહાયમાં વધારો કરો

ભાજપનાં કાર્યકર્તાએ વ્યાજબી માંગ કરી

લીલીયા, તા. ૨૮

ગુજરાત સરકારતરફથી નિરાધાર–વિધવા વૃધ્ધોને જીવન નિર્વાહ ચલાવવા માટે દર મહિને રૂા. ૧૨૦૦/– ની સહાય મળે છે મોંઘવારીના સમયમાં આ રકમ ખુબજ મામુલી ગણાય જેનાથી જીવન નિર્વાહ કંઈ રીતે ચલાવી શકાય ? રૂા. ૧૨૦૦/– ને બદલે ડબલ કરી રૂા. ૨૪૦૦/– કરવી જોઈએ જેથી તેઓ પોતાનો જીવન નિર્વાહ ચલાવી શકે તેવી લીલીયા તાલુકા ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠી અને ધારી પંથકમાં**

આશરે નવેક વાગ્યે ભેંસને ચરવા માટે તેમનાં કુટુંબી ભાઈ સતીષભાઈના માલઢોર ભેગી મોકલેલ હતી અને સાંજના આશરે પાંચેક વાગ્યા આસપાસ આ ભેંસ સાજણભાઈની વાડીના શેઢે ચરવા માટે જતી રહેલ હતી અને ત્યાં જી.ઈ.બી.નું જમ્પર આવેલ હોય જે જમ્પરના થાંભલાનો તાણીયાને ભેંસ અડતા અને તાણીયો તુટીને જમ્પર સાથે અડી જતા હાલ ચોમાસાની સિઝન હોય ભેંસને ઈલેકટ્રીક શોર્ટ લાગતા રૂપિયા ૧,૧૦,૦૦૦ની કિંમતની ભેંસનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે બીજા બનાવમાં ધારી તાલુકાના સોઢાપરા ગામે રહેતા અશોકભાઈ ભવાનભાઈ ચાવડા નામના ૪૦ વર્ષિય પશુપાલક યુવક ગત તા. ૨૭ના રોજ સાંજે ૫ વાગ્યે પોતાની ભેંસો લઈને ચરાવવા માટે આંબા ગાળા તરફ લઈ ગયેલ હતા અને સોઢાપરા ગામના પ્રાથમિક શાળા પાસે સબસ્ટેશન (ટીસી) પાસે પહોંચતા એક ભેંસ સબસ્ટેશનના બન્ને થાંભલા વચ્ચે ચરતી ચરતી ગયેલ. ત્યા ઈલેકટ્રીક શોક લાગવાથી ભેંસ નંગ–૧ કિંમત રૂપિયા ૧,૦૦૦,૦૦ની વિજકરંટ લાગતા ભેંસનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરામાં રહેતી મહિલાનાં**

અપાવવાના બ્હાને તેણી પાસેથી આશરે અઢી માસ પહેલા બાબરા મુકામે જરૂરી ડોકયુમેન્ટ લઈ તેણીનુ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા બાબરા બ્રાન્ચના એકાઉન્ટ નં.–૫૮૨૯૫૫૫૮૬૭ થી ખાતુ ખોલાવી તેણીનુ સીમકાર્ડ તથા સહી કરેલ કોરા ૪ ચેક તથા આખી ચેક બુક તથા એ.ટી.એમ. કાર્ડ અને પાસવર્ડ લઈ છેતરપીંડી કરી તેણીના બેંક એકાઉન્ટમાં અલગ અલગ સમયે અલગ–અલગ રકમ મળી કુલ રૂપિયા ૨૪,૮૦,૦૦૦ જમા કરાવી અને તેણીની જાણ બહાર ચેકનો ઉપયોગ કરી ચેકથી પૈસા ઉપાડી લઈ મહિલા સાથે છેતપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીનાં ભુરખિયા ખાતેથી**

આરોપી રાજુ ચાવડાને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં દેશી દારૂ, વિદેશી દારૂ સાથે ગાંજા સહિતના માદક પદાર્થોનાં વેચાણમાં વધારો થઈ રહયો હોવાનુ બિનસતાવાર રીતે જાણવા મળી રહયું છે. જિલ્લાનાં પોલીસ વિભાગે ગાંધીના ગુજરાતમાં આવેલ અમરેલી જિલ્લામાંથી નશાકારક પદાર્થો સામે સ્પેશ્યલ ડ્રાઈવ કરીને યુવા પેઢીને બરબાદ થતી અટકાવવી જરૂરી બની છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૭૦૦	૧૦૦૧
૨	શિંગ મોટી	૯૦૦	૧૦૭૫
૩	શિંગદાણા	૧૦૭૧	૧૨૪૦
૪	શિંગાદાણા ફાડા	૯૦૦	૧૨૧૫
૫	તલ સફેદ	૧૦૩૫	૨૧૩૦
૬	તલ કાળા	૨૩૨૫	૪૭૦૦
૭	તલ કાશ્મીરી	૧૮૩૦	૨૧૫૦
૮	બાજરો	૬૦૫	૬૦૫
૯	ઘઉં ટુકડા	૪૮૦	૫૭૮
૧૦	ઘઉં લોકવન	૪૯૫	૫૭૧
૧૧	મગ	૯૮૦	૧૦૦૦
૧૨	ચણા	૧૦૦૫	૧૧૫૧
૧૩	સફેદ ચણા	૭૨૦	૧૧૫૩
૧૪	તુવેર	૭૦૦	૧૨૩૬
૧૫	કપાસ	૯૦૦	૧૬૪૮
૧૬	એરંડા	૧૧૯૧	૧૨૬૩
૧૭	જીરૂ	૨૦૦૦	૩૩૩૨
૧૮	ધાણા	૧૦૦૦	૧૩૯૬
૧૯	મેથી	૭૨૦	૮૮૬
૨૦	સોયાબીન	૬૦૬	૮૪૮
૨૧	રજકાનુ બી	૨૦૦૦	૭૦૭૫
૨૨	કાંગ	૨૧૦	૪૯૬

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૮૫૦	૧૦૨૫
૨	તલ સફેદ	૧૫૦૦	૧૮૬૦
૩	તલ કાળા	૩૭૦૦	૪૩૩૨
૪	જીરૂ	૩૪૦૦	૩૬૦૧
૫	કપાસ	૧૨૦૦	૧૬૪૫
૬	ઘઉં ટુકડા	–	૫૫૮
૭	જુવાર	૫૦૦	–
૮	મગ	૧૩૫૦	૧૪૮૦
૯	ચણા	૧૦૭૦	૧૧૭૧
૧૦	એરંડી	૧૨૦૦	૧૨૪૩

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૦૦	૧૫૦૦
૨	ઘઉં લોકવન	૫૫૩	૫૫૩
૩	ઘઉં ટુકડા	૫૦૬	૫૩૦
૪	સોયાબીન	૮૦૦	૮૧૮
૫	ધાણા	૧૨૫૫	૧૨૫૫
૬	મેથી	૭૯૦	૭૯૦
૭	ચણા	૮૦૧	૧૧૧૫
૮	તલ સફેદ	૧૭૨૫	૧૮૯૫
૯	શીંગફાડા	૧૧૩૦	૧૧૩૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	તલ સફેદ	૧૮૯૦	૨૦૮૫
૨	બાજરો	૩૭૫	૫૧૧
૩	ઘઉં ટુકડા	૫૬૦	૬૧૧

જાહેર નોટિસ

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે બાનાખત કરવા માંગીએ છીએ,

પરિશિષ્ટ

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– કોટડાપીઠા ગામના, ખેડ ખાતા નં – ૧૨૨૩, રે.સ.ન. ૨૪૭/૫/પૈકી૧ની કુલ જમીન હે.આરે.૧–૦૯–૨૭, ચો.મી.વાળી ખેતીની જમીનમાંથી હે.આરે.૧–૦૯–૨૭ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ (૧) ઈન્દુબેન મેઘજીભાઈ સોજીત્રા (૨) રાજલબેન મેઘજીભાઈ સોજીત્રા (૩) રોનકભાઈ મેઘજીભાઈ સોજીત્રા (૪) આયુષભાઈ મેઘજીભાઈ સોજીત્રા પાસેથી બાનાખત કરી યોગ્ય બાનાની રકમ ચુકવી ખરીદ બાનાખત કરવા માગે છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો બાનાખત, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૮(આઠ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી. થી જાણ કરવી. દિવસ–૦૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી બાનાખત બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૨૮/૦૮/૨૦૨૫
બાબરા મામલતદાર ઓફીસ સામે,
ઠે.મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
જિ.અમરેલી.મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
હિતેષભાઇ એમ. મીઠાપરા
(એડવોકેટ)

જાહેર નોટિસ

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે બાનાખત કરવા માંગીએ છીએ,

પરિશિષ્ટ

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– કોટડાપીઠા ગામના, ખેડ ખાતા નં – ૯૦૮, રે.સ.ન. ૨૪૮પૈકી૨/પૈકી ૨ની કુલ જમીન હે.આરે.૦–૪૦–૪૭, ચો.મી.વાળી ખેતીની જમીનમાંથી હે.આરે.૦–૪૦–૪૭ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ (૧) ભગવાનજીભાઈ ગાંડુભાઈ કમાણી પાસેથી બાનાખત કરી યોગ્ય બાનાની રકમ ચુકવી ખરીદ બાનાખત કરવા માગે છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો બાનાખત, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૮(આઠ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી. થી જાણ કરવી. દિવસ–૦૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી બાનાખત બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૨૮/૦૮/૨૦૨૫
બાબરા મામલતદાર ઓફીસ સામે,
ઠે.મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
જિ.અમરેલી.મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
હિતેષભાઇ એમ. મીઠાપરા
(એડવોકેટ)

જાહેર નોટિસ

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે બાનાખત કરવા માંગીએ છીએ,

પરિશિષ્ટ

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– કોટડાપીઠા ગામના, ખેડ ખાતા નં – ૮૭૬, રે.સ.ન. ૨૪૭/૫/ પૈકી ૩ની કુલ જમીન હે.આરે.૧–૦૮–૨૫, ચો.મી.વાળી ખેતીની જમીનમાંથી હે.આરે.૧–૦૮–૨૫ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ (૧) મહેશભાઈ જીવાભાઈ સબાડ પાસેથી બાનાખત કરી યોગ્ય બાનાની રકમ ચુકવી ખરીદ બાનાખત કરવા માગે છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો બાનાખત, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૮(આઠ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી. થી જાણ કરવી. દિવસ–૦૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી બાનાખત બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૨૮/૦૮/૨૦૨૫
બાબરા મામલતદાર ઓફીસ સામે,
ઠે.મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
જિ.અમરેલી.મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
હિતેષભાઇ એમ. મીઠાપરા
(એડવોકેટ)

લીલીયા મોટા ખાતે ધારાસભ્ય કસવાલાની ઉપસ્થિતિમાં જનસંવાદ કાર્યક્રમ યોજાયો

લીલીયામોટામામલતદાર કચેરી ખાતે લીલીયા તાલુકાના ''જન સંવાદ'' કાર્યક્રમનું આયોજન તાલુકા હેલ્થઓફિસરદ્વારાકરવામાંઆવ્યું.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લીલીયા તાલુકાના લોકોનેવધુસારીઆરોગ્યસુવિધાકેવીરીતે આપીશકાયતથાએકપણયોગ્યલાભાર્થી સરકારનીઆરોગ્ય યોજનાઓથી વંચિત ના રહે તે બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી આ કાર્યક્રમમા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ટીબીની ૧૭ પોષણકીટોઆપવાનીજાહેરાતકરવામાં આવેલ આ તકે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અનિભાઈ કુંજડીયા વિશેષ ઉપસ્થિતરહ્યાહતાઅનેમાર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલ હતું સાથે સાથે મહાનુભાવો દ્વારા ટીબી મુકત ગ્રામ પંચાયતના એવોર્ડ સન્માનપત્ર અને ગાંધીજીની પ્રતિમા આવેલ મહાનુભાવો દ્વારા આપવામાં આવેલ આ તકે મામલતદાર પટેલ, તાલુકા વિકાસ અધિકારી, તાલુકાભાજપપ્રમુખજીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝંઝુવાડીયા, ભીખાભાઇ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, ચતુરભાઈ કાકડીયા, કાનજીભાઈ નાકરાણી, કારોબારીચેરમેન રાશીભાઈ ડેર, તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામ મેઘાણી, કેપ્ટન ધામત, જયસુખ સુરાણી, ભીખાભાઈ ધારૈયા, આંગણવાડી સુપરવાઈઝર હર્ષિદાબેન, ડો.દિશાંત પરમાર, ડો.જય વાઘેલા, ડો. નેહાબેન, ડો.સોલંકી, ડો.અંજનાબેન, પ્રાઈવેટ ડોકટર એસોસિએશન પ્રતિનિધિ ડો.વિનુભાઈ ધામત, હેલ્થ વર્કર બહેનો, તાલુકાઆરોગ્ય સ્ટાફહાજરરહેલ. સમગ્રકાર્યક્રમનેસફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડો.સિધ્ધપુરા તથા સમગ્ર આરોગ્ય સ્ટાફદ્વારાજહેમતઉઠાવવામાંઆવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ સુરત સંચાલિત

અમરેલીની શ્રીમતિ ડી.એમ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું શ્રેષ્ઠ પરિણામ

ક્રિષ્ના વઘાસીયા, જેનીશા હિરાણી અને સારીકા રોજાસરા B.A (PSY) SEM-I પરીક્ષામાં અગ્રેસર

અમરેલી, તા. ૨૮

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ સંતાલિત અમરેલીની શ્રીમતિ ડી.એમ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A (PSY) SEM–I નુ૯૩ટકા પરિણામ આવેલ છે. કોલેજના વિદ્યાર્થીની ક્રિષ્ના વઘાસીયા, જેનીશા હિરાણી અને સારીકા રોજાસરા અગ્રેસર રહી હોય ટ્રસ્ટીગણે વિદ્યાર્થીનીઓ અને કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા છે.

બીપી, ડાયાબીટીસ જેવા રોગો માટે

અમરેલી જિલ્લાનાં દરેક આરોગ્ય કેન્દ્રો ઉપર દર મંગળ અને શુક્રવારે સ્ક્રીનિંગ કરાશે

૩૦ વર્ષથી વધુ વયની વસ્તી માટે ખાસ ચકાસણી

અમરેલી, તા.૨૮

ભારત સરકારના આરોગ્ય કાર્યક્રમ નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનીકેબલ ડીસીઝ (NP–NCD) હેઠળ હાયપરટેન્શન (બીપી) અને ડાયાબીટીસ વિશે જાગૃતિ લાવવા અને આ સાયલન્ટ કિલર સમાન રોગોને નિયત્રિત કરવા તેમજ નિવારણમાટેના પગલાઓને પ્રોત્સાહન આપવા માટે સરકાર કટીબધ્ધ છે.જેઅંતર્ગત ૩૦વર્ષકેથીવધુવયની વસ્તીનુNCDઅંતર્ગતસ્ક્રીનિંગદરમંગળવારે અનેશુક્રવારેઅમરેલીજિલ્લાના દરેક સરકારી આરોગ્ય કેન્દ્રો ઉપર કરવામાં આવેછે.

અમરેલી જિલ્લા આ NCD નિદાન કેમ્પ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિકઆરોગ્યકેન્દ્ર,અર્બનહેલ્થસેન્ટરઅને આયુષ્યમાન આરોગ્ય મંદિર ઉપર તારીખ. ૨૯/૮/૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારના ૯ થી સાંજના ૫ સુધી એક દિવસ માટે યોજવામાં આવશે. જે અંતર્ગત આ કેમ્પમાં વિવિધ રોગોની તપાસની સાથે સાથે હાયપરટેન્શન (બીપી) અને ડાયાબીટીસની તપાસ અને સારવાર કરવામાં આવશે.

ઉપરોકત અનુસંધાને આ NCD નિદાન કેમ્પમાં વધુને વધુ લોકો ભાગ લે અને ડાયાબીટીસ તથા બીપીની તપાસ કરાવીને પોતાની સ્થિતિ અંગેની જાણકારી મેળવી અને સારવાર મેળવે તેવી જાહેર જનતાને માન. જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, માન. જિ.પં. આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, માન. જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.એમ.જોષી ધ્વારા અપીલ કરવામાં આવે છે.

સાવરકુંડલા ખાતે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં આવેલ કબીરટેકરીઆશ્રમખાતેતારીખ.૨૮/૮/૨૫ ને ગરૂવારે શ્રી સદ્‌ગૂરૂ શ્રી કબીર સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટીના પ્રમુખ ઋજુલ ગોડલીયા, વિનુભાઈ અદ્રોજા, એમ. એમ. પટેલ તથા નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું.

કેમ્પની અંદર ઓ.પી. ડી. માં ૧૦૧ દર્દીઓએ લાભ લીધો હતો. જેમા મોતિયાના ઓપરેશન લાયક ૨૨ દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પનું દિપ પ્રાગટય કબીર ટેકરી સાવરકુંડલાના મહંત નારણદાસ તથા ટ્રસ્ટીગણ તથા સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી, માધવ વ્યાસ, જગદીશભાઈ જેઠવા, ધ્રુવિલ ત્રીવેદી, જિતેનભાઇ હેલૈયા, સુદર્શન નેત્રાલયના કર્મચારી અતુલભાઈ દવે, નિલેષભાઈ ભીલ, તથા તેમના સમગ્ર સ્ટાફ અને કબીર ટેકરીના સ્વયં સેવકો જોડાયા હતા અને સેવા આપી હતી. અહીં દર મહિનાના ચોથા ગરૂવારે છેલ્લા ૧૭ વર્ષથી નિશુલ્ક નેત્રનિદાન કેમ્પ યોજાય છે.

૨૯ ઓગસ્ટ, નેશનલ સ્પોર્ટસ ડે રમત રમો, સ્વસ્થ રહો, મસ્ત રહો

અમરેલી, તા. ૨૮

ભારતમાં દર વર્ષે ૨૯,ઓગસ્ટ ને રાષ્ટ્રીય રમતદિવસ તરીકે ઉજવવામાં આવેછે.આદિવસને રાષ્ટ્રીય રમતદિવસતરીકેઉજવવાનુંમુખ્ય કારણ હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીનો જન્મ દિવસ છે.મેજર ધ્યાનચંદજી આપણી રાષ્ટ્રીય રમત હોકીનાપ્રસિદ્ધ રમતવીર હતા.તેથીતેમના જન્મદિવસ ને રાષ્ટ્રીય રમતદિવસ તરીકે ઉજવવામાં આવે છે.મેજર ધ્યાનચંદજી હોકીલઈનેજયારે રમતના મેદાનમાંઉતરે ત્યારે જાણે કોઈ જાદુ કરતા હોય એમ તે રમતને જી તાડી દેતા. તેઓ જયારે ભારતની હોકી ટીમના કેપ્ટન હતા. તે સમયેઓલેમ્પિકમાં ત્રણવાર સુવર્ણચંદ્રક ભારત ટીમે જીત્યા હતા. તેમને 'હોકી વિઝાર્ડ' નુંટાઇટલ આપવામાંઆવ્યુંહતું. આ ઉપરાંત તેમને હોકીના જાદુગર પણ કહેવામાં આવતા હતા.ભારત સરકાર દ્વારા મેજર ધ્યાનચંદજી ને પદ્મભૂષણ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત દિલ્હીમાં આવેલ રાષ્ટ્રીય સ્ટેડીયમનું નામ પણ 'ધ્યાનચંદ સ્ટેડીયમ' પાડવામાં આવ્યું છે.

ઘણા બાળકો નાના હોય છે. ત્યારે તેમને ભણતરનાં સ્થાને રમત–ગમતમાંવધુરસ પડેછે.એવખતે એમના માતા–પિતા એમને રમત ગમત છોડીને ભણતરમાં ધ્યાન આપવા માટે આગ્રહ કરે છે, પરંતુ તેમને સમજવું જોઈએ કે બધા બાળકો એક સરખા નથી હોતા કોઈને ગાયનમાં રસ હોય, કોઈને વાદનમાં એમ કોઈને રમત ગમતમાં રસ હોય છે. વળી માતા પિતા પણ સમજતા હોય અને શાળામાં પણ સ્પોટર્સની ટ્રેનીંગ વ્યવસ્થિત મળતી હોય છતાં પણ અંતે તો વિશ્વનાં પ્લેટફોર્મ પર ભારતીય ખેલાડીઓ ભારતનાં નામને જ પ્રદર્શિત કરતા હોય છે, પરંતુ એ સામે દેશમાં રમતવીરોને નાણાકીય સહાયથી લઈને જે કોઈ પ્રકારનું પ્રોત્સાહન જોઈએ એ પર્યાપ્ત માત્રામાં પ્રાપ્ત થતું નથી. તાજેતરમાં જ ઓલેમ્પિકનું ઉદાહરણ જોઈ રહ્યા છીએ, આશરે એક સૌ સાડત્રીસ કરોડ જનતાની સામે ઓલેમ્પિકમાં મળેલા સાત મેડલ પૂરતા છે. ? આટલા લોકોની વસતી ધરાવતા દેશમાં માત્ર ઓલેમ્પિક સુધી પહોંચેલા ગણ્યા ગાઠયા લોકોને જ રમત ગમતમાં રસ પડયો હશે એવું તો ન હોય. કયાંક કોઈને માર્ગદર્શન ન મળ્યું હોય, સહાય ન મળી હોય એવું બને. આ માટે ખેલ મહાકુંભ, વાર્ષિક રમતોત્સવ અને રમતગમત સ્પર્ધા જેવી પ્રવૃતિઓ દ્વારા બાળકોને રમતો પ્રત્યે જાગૃતતા કેળવાય અને બાળકોનો શારીરિક વિકાસ થાય તે હેતુસર ચોક્કસ યોજવામાં આવે છે. પરંતુ એ પુરતું નથી. જ રમતોની મદદથી યુવાનોને નશાથી દૂર લઈ જઈ શકાય છે, તેમની અંદર રહેલી આંતરિક શકિતઓને બહાર લાવવા, તેમની પ્રતિભાઓને બહાર લાવી શકાય છે. માટે આ રાષ્ટ્રીય રમત દિવસ પર રમતવીરો અને રમતગમતની સુવિધાઓ વધારવા તરફ ધ્યાન આપવું જોઈએ. હાલમાં જ આદિશામાં ધીમી પરંતુ મક્કમ શરૂઆત થઈ છે. જે પ્રકારે આ વર્ષે ભારતનાં ખેલાડીઓ નીરજ ચોપરા, બજરંગ પુન્યા, મીરાંબાઈ ચાનું, રવિ કુમ દહિયા, લવલીના બોર્ધોઈન, પી.વી સિંધુ અને હોકી ટીમને મેડલ મળ્યા તે આનંદની વાત છે, પરંતુ તે પુરતું નથી. હજુ આ દિશામાં અચૂક પગલાં લેવા જોઈએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

પ્રાકૃતિક ખેતીએ એક એવી પ્રણાલી છે, કે જયાં કુદરતનાં નિયમોને કૃષિ પદ્ધતિઓ પર લાગુ કરવામાં આવે

અમરેલી, તા.૨૮

સામાન્ય રીતે આપણે સૌ રસાયણમુકત ખેતીને સજીવ ખેતી તરીકે જાણીએછીએસેન્દ્રિય ખેતી, ટકાઉ ખેતી કર અંગ્રેજીમાં ઓર્ગેનિક ફાર્મિંગ તરીકે જુએછે.

ખેડૂત મિત્રોએ, ઉંડાણપૂર્વક રીતે સમજવું જોઈએ કે, પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક ફાર્મિંગ (સેન્દ્રિય ખેતી) વચ્ચે સામ્યતા અને તફાવત બંને છે. હવે, આ સામ્યતા કઈ કઈ છે ? અને તફાવત શું છે ? તેની વિગતર ચર્ચા કરીએ.

પ્રથમ ઉપરોકત બંને ખેતી પદ્ધતિઓ વચ્ચર સામ્યતા પર દ્રષ્ટિ કરીએ તો..... પ્રાકૃતિક ખરતી અનર સરન્દ્રિય ખેતી બંનેમાં પ્રકૃતિનું શોષણ અને દોહન નથી કરવાનું તે વાત સ્પષ્ટ છે. આ બંને ખેતી પધ્ધતિ કુદરતી સ્ત્રોતોના જતનની વાત પર ભાર મૂકે છે. આ ઉપરાંત ખેડૂતોએ રસાયણમુકત ખેતી કરવી તે સૂચન પણ કરે છે.

પ્રાકૃતિક ખેતી શું છે ? તેના પર નજર કરીએ તો.... આ કૃષિ પદ્ધતિનર ઘણી જગ્યાએ ''ઓછાં ખર્ચની કુદરતી ખેતી'' તરીકે ઓળખાય છે. આ ખેતી પધ્ધતિના મૂળભૂત સિદ્ધાંતો મુજબ ખેતીમાં બહારના સંસાધનો બિલકુલ વાપરવાના નથી તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. ખેડૂતોએ પોતાના ખેતરમાં પકવેલાં અથવા દેશી સુધારેલા બિયારણનો જ ખેતીમાં ઉપયોગ કરવાનો છે. પાકને જરૂરી પાણી વ્યવસ્થા ખેતરમાંથી ઉત્પાદિત પાકના અવશેષો, ગાયના ગોબર ગૌમૂત્ર, અળસીયાની પ્રવૃત્તિને વેગવાન બનાવીને તથા લીલા પડવાશ કર અન્ય ખેતી વ્યવસ્થા દ્વારા જ કરવાની રહે છે.

હવે, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક (સેન્દ્રિય) ખેતી વચ્ચેનો તફાવત સમજીએ.... (૧) ઓર્ગેનિક ખેતીએ એક સર્વગ્રાહી પ્રણાલી છે. જે એગ્રોઇકો સિસ્ટમમાં વિવિધ સમુદાયની ઉત્પાદકતા અને યોગ્યતાને શ્રેષ્ઠ બનાવવા મોટર સાયકલ છે.

માટીના જીવો, છોડ, પશુધનનો સમાવેશ થાય છે. ઓર્ગેનિક ઉત્પાદનનું ધ્યેય પર્યાવરણ સાથર ટકાઉ અને સુમેળભર્યું હોય તેવા સાહસો વિકસાવવાનું છે.

જયારે પ્રાકૃતિક ખેતીએ એક અરવી પ્રણાલી છે, કેજયાં કુદરતનાનિયમોનર કૃષિ પદ્ધતિઓ પર લાગુ કરવામાં આવેછે. આ ખેતી પદ્ધતિ દરેક ખરતીવાળા વિસ્તારની પ્રાકૃતિક જૈવ વિવિધતા સાથે કામ કરે છે. જેમાં જીવંત સજીવોની જટિલતાને પ્રોત્સાહન આપવામાં આવેછે. છોડ અને પ્રાણી ઓનર કરે જે દરેક ચોક્કસ ઇકો સિસ્ટમને ખાદ્ય વનસ્પતિઓ સાથે ખીલવા માટે આકાર આપે છે. અહી સૂક્ષ્મજીવાણુઓ અને અળસિયાની સંખ્યા જમીનમાં વધારવામાં આવે છે. જેમના દ્વારા સપાટી પર જાળવી રાખેલ પાકના અવશેષોના સજીવ પદાર્થો તરીકે વિઘટનને પ્રોત્સાહન આપે છે.

(૨) ઓર્ગેનિક ખેતી આસપાસના વાતાવરણને અસર કરે છે. જયારે પ્રાકૃતિક ખેતી પર્યાવરણને અનુકૂળ અને સ્થાનિક જૈવ વિવિધતાને સારી રીતે અપનાવેછે.

(૩) પ્રાકૃતિક કૃષિમાં મિશ્ર પાક પદ્ધતિ પર ભાર મુકવામાં આવર છે. જેનાથી ખેતી પાકોમાં રોગ જીવાત ઓછા આવે. સહજીવી પાકો એકબીજાને પોષણ આપવાનું પણ કાર્ય કરે છે.

(૪) ઓર્ગેનિક ખેતીમાં ઉત્પાદનોનું વેચાણ કરતી વખતે પ્રમાણપત્ર ફરજિયાત છે. જયારે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદનને ઉગાડવા કે વેચવા માટે પ્રમાણપત્રની જરૂર નથી.

(૫) ઓર્ગેનિક ખેતીમાં જમીનને રાસાયણિક ખેતીમાંથી સજીવમાં રૂપાંતરિત કરવા માટે જમીનના સ્વાસ્થ્યને આધાર ૩ થી ૬ વર્ષનો સમય લાગે છે. ત્યારે રાસાયણિક ખેતીને પ્રાકૃતિક ખેતીમાં રૂપાંતરિત કરવા માટે કોઈ સમયગાળો નથી.

આલેખન : ધર્મેશ વાળા

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૦-૧૬૦, બીજો માળ, અજા સલાઈ, કેદારોડ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈક્કડો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
E-mail auction@hindujahousingfinance.com

સરફેસી એક્ટ હેઠળ સિકયોર્ડ અસ્કયામતોની ખાનગી સંધિ (Private Treaty)દ્વારા વેચાણ

હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારી તરીકે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિઓ SARFAESI એક્ટના હેઠળ શેડ્યુલ પ્રોપર્ટીનો કબજો લઈ લીધો છે. સામાન્ય રીતે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે શેડ્યુલમાં ઉલ્લેખિત સુરક્ષિત મિલકત ખાનગી સંધિ દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે, જે "જેમ છે તે પ્રમાણે છે" અને " જ્યાં જે છે તે પ્રમાણે છે" પર તેના વેચાણની વસૂલાત માટે HHFLને રસ્તે છે. ખાનગી સંધિ દ્વારા મિલકતના વેચાણ માટેના માનક નિયમો અને શરતો નીચે મુજબ છે : ૧. ખાનગી સંધિ દ્વારા વેચાણ "જ્યાં છે તે પ્રમાણે" અને "જેમ છે તે પ્રમાણે" પર રહેશે. ૨. ખરીદદારે એચએચએફએલ દ્વારા પ્રોપર્ટીની ખરીદી માટે ઓફરની સ્વીકૃતિ મળ્યાના આગ્રહ કામકાજના દિવસે વેચાણની વિચારણાના રજૂ. અને બાકીની રકમ ત્યારપછીના ૧૫ દિવસની અંદર જમા કરાવવાની રહેશે. ૩.ખરીદદારે ઓફર કરેલી રકમના ૧૦% અરજી સાથે જમા કરાવવાની રહેશે જે ઉપરોક્ત કલમ (૨) મુજબ કરવામાં આવનાર ડિપોઝિટના રજૂ. સામે એડજસ્ટ કરવામાં આવશે. ૪. ઉપરોક્ત કલમ (૨) હેઠળ જરૂરી રકમ મોકલવામાં નિષ્ફળતા અરજી સાથે ચુકવેલ રકમના ૧૦% સહિત પહેલાથી ચુકવેલ રકમની જપ્તીનું કારણ બનશે. ૫. HHFL દ્વારા ખરીદીની ઓફરનો સ્વીકાર ન કરવાના કિસ્સામાં, અરજી સાથે ચુકવેલ ૧૦% રકમ કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે. ૬. HHFL ને જણીતી હોય કે અજાણી હોય તે તમામ વર્તમાન અને ભાવિ બોજો સાથે મિલકત વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી / સિકયોર્ડ લેણદાર કોઈપણ તૃતીય-પક્ષના દાવાઓ / અધિકારો / લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ૭. ખરીદદારે તેના સંતોષ માટે મિલકત (ખાનગી સંધિ દ્વારા વેચાણ હેઠળ) સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય ધ્યાન રાખવું જોઈએ. ખરીદનાર પછીની તારીખે આ સંબંધમાં અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈપણ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. ૮. HHFL કોઈપણ કારણ આપ્યા વિના ખરીદીની કોઈપણ ઓફરને નકારવાનો અધિકાર અનામત રાખે છે. ૯. એક કરતાં વધુ ઓફરના કિસ્સામાં, HHFL સૌથી વધુ ઓફર સ્વીકારશે. ૧૦. રસ ધરાવતા પક્ષો વધુ વિગતો/સ્પષ્ટતા માટે અને તેમની અરજી સબમિટ કરવા માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે. ૧૧. ખરીદદારે મિલકતની ખરીદીના સંદર્ભમાં તમામ સ્ટેમ્પ ડયૂટી, નોંધણી ફી અને અન્ય ખર્ચાઓ, ૫૨, ફરજો ભોગવવા પડે છે. ૧૨. વેચાણ SARFAESI એક્ટ/નિયમોની જોગવાઈઓ અનુસાર થશે. ૧૩. સિકયોર્ડ કેડિટર હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ સદરહુ સિકયોર્ડ અસ્કયામતનો નિકાલ કરવાનુ નક્કી કરેલ છે. વેચાણની આ નોટિસ આજે પ્રકાશિત થયેલ છે જે નીચેની મિલકતની સિકયોર્ડ અસ્કયામતોનું તા. ૧૨-૦૯-૨૦૨૫ ના રોજ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ, બ્રાન્ચ ઓફિસ : ૩૦૨, ૩૦૩, નકશાત ૩, ૧૫૦ ફીટ રીંગ રોડ, રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાસે, રાજકોટ. ખાતે વેચાણ કરવાનું નક્કી કરેલ છે.

ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ, અને જમીનદારો ના નામ અને લોન ખાતા નં.	અનામત કિંમત	મિલકતનું શેડ્યૂલ વર્ણન (સુરક્ષિત સંપત્તિનો ભાગ)
ઉધારકર્તા :- શ્રીમતી અલ્પાબેન સરવૈયા સહ-ઉધારકર્તા :- શ્રી વિપેશ સરવૈયા સહ-ઉધારકર્તા :- શ્રી વિશાલ સરવૈયા A/C No. GJ/BVN/CLRD/A000000013	રૂા. ૧૨,૦૦,૦૦૦/- અંકે રૂા. બાર લાખ પુરા	શ્રી ગુજરાત રાજયના અમરેલી જીલ્લા-તાલુકાના વરસાડા માં સ્થાવર રહેણાંક પ્લોટ નં. 34 થી 37/1 પાકકી જમીન વિસ્તાર આશરે 69-29 સ્કે. Mts. તમામ વર્તમાન અને ભાવિ બાંધકામ સાથે તેના પર લગભગ 50-00 ચો.મી. રેવન્યુ સર્વે નંબર 123/3 ના અમરેલી ખાતે આવેલ મુ. વરસાડા રોડ, લાઇસન સમાજ પાસે, ગામ: અમરેલી, તાલુકો: અમરેલી, જિલ્લો: અમરેલી, ગુજરાત હાલમાં શ્રી અલ્પાબેન અરૂણભાઈ સરવૈયાની માલિકીની અને કબજામાં છે. મિલકતની સામાન્ય ચાર સીમાઓ પૂર્વ;7-50 મીટર પહોળો રોડ પશ્ચિમ;પ્લોટ નં. 34 થી 37/2 ઉત્તર; પ્લોટ નં. 34 થી 37/1 પૈકીદક્ષિણ; પ્લોટ નં. 34 થી 37/1 પૈકી

સ્થળ : અમરેલી તારીખ : ૨૯–૦૮–૨૦૨૫ અધિકૃત અધિકારી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

અમરેલી ખાતે પરિખ હોન્ડા શો રૂમ ખાતે ન્યુ હોન્ડા સાઈન બાઈકનું લોન્ચિંગ કરાયુ

અમરેલીના પરિખ હોન્ડા શો–રૂમ ખાતે આજે હોન્ડાની સુવિધા સભર નવી બાઈક ''સાઈન ૧૦૦ડીએકસ'' નું લોન્ચિંગ કરવામાં આવ્યું નવી બાઈક ઈએસપી ટેકનોલોજી દ્વારા સંચાલિત છે જેમાં ડિજિટલ મીટર, પહોળી ફયુલ ટેન્ક ટયુબલેસ ટાયર, સ્ટાઈલીસ્ટ કોમ ટચ, ૫–સ્ટેપ એડજેસ્ટેબલ સસ્પેન્શન અને બોલ્ડ નવા ગ્રાફીકસ જોવા મળે છે. જે દરેક રાઈડ અને દરેક માર્ગ માટે મજબુત બનાવે છે. આ તકે આનંદ પરિખ, પ્રકાશભાઈ પરિખ, નીતિનભાઈ પરિખ અને મેનેજર ચેતન પરિખ તેમજ એરિયા ઈન્ચાર્જ અવનીશ દુગ્ગલ ઉપસ્થિત રહયા હતા.

હવે... બદલાશે સારવારની પરીભાષા
કેન્સર તથા કેન્સર પેલાના મોઢા, ગળાના અને સ્વરપેટીના રોગોના દૂરબીન દ્વારા નિદાન તથા સારવાર

માવા-તમાકુ, બીડી-સિગરેટ, દારૂ, સોપારી, ગુટકા થી થતા મોઢાના ચાંદા, સફેદ-કાળા-લાલ ડાઘની તપાસ અને સારવાર.
સ્વરપેટી-અન્નનળીના ચાંદા તેમજ કેન્સરનો ઈલાજ
(ગોળ હોસ્પિટલ) 24x7 Emergency Services
ડો. હર્ષ બારોટ
ઈ.એન.ટી. (કાન-નાક-ગળાના નિષ્ણાંત)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૬૬૬
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

કળિયુગ ચરમસીમા તરફ ગતિ કરી રહ્યો છે

હે રામ : અમરેલીમાંથી રાજકોટની મહિલા ગૌશાળાનાં નામે ફાળો ઉઘરાવતી ઝડપાઈ

જાગૃત વેપારીએ શંકાને આધારે પુછપરછ કરતાં ભાંડો ફુટયો

અમરેલી, તા. ૨૮

અમરેલી શહેરમાં છેલ્લા કેટલાય દિવસથી ગૌશાળાના નામે પૈસા ઉઘરાવતી એક મહિલા સ્થાનિક લોકો પાસેથી નાણાં ઉઘરાવી રહી હતી. ત્યારે લોકોને આ મહિલાની પુછપરછ દરમિયાન શંકા જતાં અમરેલી સીટી પોલીસને હવાલે કરતાં પોલીસે તેમને બંધ થયેલી એક ગૌશાળાના નામની ખોટી પહોંચ બુક બનાવી નાણાં ઉઘરાવતી હોવા કબુલાત આપતા પોલીસે તેણીને ઝડપી લઈ ઘોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ, સરદારનગર શેરી નં. ૫માં રહેતા અને અમરેલીના જુનામાર્કેટીંગ યાર્ડમાં દ્વારકેશ મોબાઈલ નામની દુકાન ધરાવતા યજ્ઞેશભાઈ જયંતીભાઇ સોંડાગર નામના ૩૦ વર્ષિય યુવકની દુકાને ગઈકાલ સાંજના સમયે રાજકોટના જંકશન ગાયકવાડી વિસ્તારના શેરી નં. ૩ના ખુણે રહેતી શહેનાઝબેન શોકતભાઈ જેમલાણી નામની મહિલા આવી અને પોતે ગોકુલ ગેશાળા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગૌસેવા તથા અન્નક્ષેત્ર, હનુમાનની ધાર, (મુ. ખેરડી તા.જી. રાજકોટ) માંથી આવું છું. અને ગૌસેવાના નામે ફાળો માંગેલ હતો.

આ વેપારીએ તેણીને ફાળો લખાવી અને નાણાં આરોપી મહિલાને આપેલ હતા. જેની સામે આ મહિલાએ ગોકુલ ગૌશાળા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગેસેવા તથા અન્નક્ષેત્ર, હનુમાનની ધારની ગૌશાળાના નામની પહોંચ આપેલ હતી.

આ અંગે વેપારી યુવકને શંકા જતાં તેણી પુછપરછ કરતાં તેણીએ કોઈ સંતોષકારક જવાબ ના આપતા વેપારીએ પોલીસને જાણ કરતા પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

૧૧ માંથી ૨ મૃતદેહ અગાઉ મળી આવ્યા બાદ શોધખોળ દરમિયાન

અરેરાટી : જાફરાબાદનાં દરયિામાંથી ગુમ થયેલ વધુ ૨ મૃતદેહ મળી આવતા ઓળખ મેળવવા તજવીજ

એક મૃતદેહ હરેશભાઈ બારૈયા (ઉ.વ. ૩૭) નો હોવાનુ બહાર આવ્યુ



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાના જાફરાબાદના દરિયાઈ તોફાનમાં થોડા દિવસ પહેલાં ગુમ થયેલા ૧૧ માચ્છીમાર પૈકી વધુ બે મૃતદેહ મળી આવ્યા જેમાં મળતી વિગત મુજબ આજે બપોરે ૧ કલાકે નવસારી જિલ્લાના જલાલપુર તાલુકાના વાસી–બોરસી ગામ ખાતેથી એક મૃતદેહ મળી આવવાની પ્રાથમિક વિગત મળી હતી. મરીન પોલીસ દ્વારા જઢરી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગુમ થયેલા માછીમારના પરિવારજનોને પૂછપરછ કરવામાં આવતા આ મૃતક માછીમાર, એ માછીમારી બોટ જયશ્રી તાત્કાલિકના ગુમ થયેલા માછીમારો પૈકી જાફરાબાદના હરેશભાઈ બિજલભાઈ બારૈયા (ઉ.વ. ૩૭) હોવાની ઓળખ કરવામાં આવી છે.

મળેલા મૃતદેહને જલાલપુર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ તથા જરૂરી ઓળખ અર્થે લઈ જવામાં આવ્યો છે, તેમ જાફરાબાદ મત્સ્યોપ્રયોગ કચેરીના મત્સ્યોપ્રયોગ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે. જયારે બીજો મૃતદેહ કચ્છના માંડવી તરફના દરિયા વિસ્તારમાંથી મળી આવ્યાનું બિનસતાવાર રીતે જાણવા મળેલ છે. પરંતુ આ મૃતદેહ કોનો છે. તે જાણવા માટે થઈ મત્સ્યોધોગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જાફરાબાદના દરિયાઈ તોફાનમાં થોડા દિવસ પહેલાં ગુમ થયેલા ૧૧ માછીમાર અગાઉ બે મૃતદેહ મળી આવ્યા હતાં. અને બાકી રહેતા ૯જેટલાં ખલાસીઓની કોસ્ટગાર્ડ દ્વારા દરિયામાં ઘનિષ્ટ તપાસ ચાલી રહી હતી. તે પૈકી આજે વધુ બે મૃતદેહ મળી આવતાં હજુ ગુમ થયેલા ૭ જેટલાં ખલાસીઓની શોધખોળ ચાલી રહી છે.

નાયબ દંડક કૌશિક વેકરિયાએ ગૃહમંત્રીને રજુઆત કરવી જોઈએ

અમરેલીનો વિસ્તાર અને વસ્તીમાં સતત વધારો થતો હોય વધુ એક સિટી પોલીસ સ્ટેશનની જરૂર

કાયદો અને વ્યવસ્થા વધારે મજબુત કરવા માટે વધુ એક પોલીસ સ્ટેશન જરૂરી

અમરેલી, તા. ૨૮

અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક હોવાથી જિલ્લાભરનાં નાગરિકોની અવર–જવર રહેતી હોય છે. તેમજ મુખ્યમથકની વસ્તી પણ આજે દોઢ લાખનો આંક વટાવી ચુકી છે. તો વિસ્તાર પણ ૨ થી ૩કિ.મી. સુધી વધી ગયો હોય એક પોલીસ સ્ટેશન હોય વધુ એક પોલીસ સ્ટેશનની અતિ આવશ્યકતા જોવા મળી રહી છે.

જિલ્લાનું મુખ્ય મથક હોવાથી રાજકીય આંદોલનો થતાં હોય છે. તેમજ અલગ–અલગ સંસ્થા, સંગઠનો દ્વારા વિવિધ રજુઆત સામુહિક રૂપે થતી હોવાથી કાયદો અને વ્યવસ્થાને લઈને ભવિષ્યમાં કોઈ દોડધામ ન થાય તે માટે આજથી આયોજન કરવું જરૂરી છે.

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબદંડક કૌશિક વેકરિયા અને આ બાબતે ગૃહમંત્રીને રજુઆત કરવી જોઈએ તેવું સૌ ઈચ્છી રહયું છે.

તેમના મિત્ર સાથે નાણાકીય લેવડ–દેવડમાં વાંધો પડતા

અમરેલીનાં વેપારી યુવકે ફોરવર્ડ હાઈસ્કુલનાં દરવાજા નજીક ફિનાઈલ પી લીધી

વેપારી યુવકને સારવારમાં ખસેડાયા

અમરેલી, તા. ૨૮

અમરેલીના ગોપી ટોકીઝ પાછળ આવેલ દેના બેંક સોસાયટીમાં રહેતા મોહિતસીહ રાજેન્દ્રસિંહ બસન નામના ૨૬ વર્ષિય વેપારીના મિત્ર નિર્મળભાઈ પરસોતમભાઈ રામાણી (રહે.અમરેલી)ને પ્રોસ્ટીસાઈઝની દવાની કંપની છે. તેની સાથે આઠ મહિના પહેલા દવાનો વેપાર કરવાનું નક્કી કરેલ હતું. જેમાં આ વેપારી યુવકે પાર્ટનરશીપ પેટે પોતાના મિત્રને રૂપિયા ૧૫,૮૦,૦૦૦ રોકડા તથા ટ્રાન્સફર કરેલા હતા. આ જાહેર કરનારને જણાવેલ કે દવાનું ચાલુ કરેલ છે. અને ત્યાર પછી આ નિર્મળે કોઈ દવામાં પૈસા રોકેલ ન હોય તેવું વેપારી યુવક કરનારને જણાતા તેમને પોતાના મિત્ર નિર્મળને પોતાના પૈસા પાછા આપવાનું કહેતા નિર્મળે જણાવેલ કે મારી પાસે પૈસા નથી તેમ કહેલ હતું. અને આ નિર્મળ પાસેથી અવાર–નવાર પૈસાની ઉઘરાણી કરતા છતાં કોઈ જવાબ ન આપતા હોય, અને ઉપરથી હવે જો તું પૈસાની ઉઘરાણી કરીશ તો તને પોલીસમાં પકડાવી દઈશ તેવું નિર્મળના પિતાએ વેપારી યુવકને કહેતા તેમને મનમાં લાગી આવતા ગત તા.૨૬ ના રોજ રાત્રે ૧૦/૩૦ વાગ્યે ઘરેથી ફિનાઈલ લઈ આવી અમરેલીના ફોરવર્ડના પાછળના ગેઈટે ગયેલ અને અડધી બોટલ ફિનાઈલ પી જતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.

અસહ્ય બફારા બાદ રીમઝીમ વરસાદ

અરે વાહ : ખાંભા પંથકમાં ૪ દિવસનાં વિરામ બાદ પુનઃ મેઘરાજાનુ આગમન

ખેતીને ફાયદારૂપ વરસાદથી ખેડુતો ખુશ

તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૮

ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ થી ચાર દિવસના વિરામ બાદ વરસાદી માહોલ જામ્યો હતો અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો અસહ્ય ગરમી અને ઉપરાટ બાદ ગીરના ગામડાઓમાં શરૂ વરસાદ ખાંભા ગીરના ત્રાકુડા, જામકા, વાંગધ્રા, નિંગાળા, માલેકનેશ સહિત ગામડાઓમાં વરસાદ. શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને વરસાદ આવતા ખેતીના પાકને થશે ફાયદો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં

લીલીયા તાલુકા ડાયમંડ એસોસીયેશન દ્વારા PGVCL કચેરી ખાતે પ્રશ્નો રજુ કરાયા

વીજ અધિકારીઓએ પ્રશ્નો દૂર કરવા ખાત્રી આપી

લીલીયા, તા. ૨૮

લીલીયા મોટા પીજીવીસીએલ કચેરી ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં અને ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામતની આગેવાનીમાં લીલીયાને લગતા વીજ પ્રશ્નો બાબત બેઠક બોલાવી ચર્ચાઓ કરવામાં આવેલ જેમાં ડાયમંડ એસોસિએશનના પ્રમુખ દ્વારા પ્રશ્નો રજૂ કરવામાં આવેલ.

જેમાં લીલીયામાં હીરા ઉદ્યોગ વિસ્તાર છે તેમા ૧૫ ટીસી આવેલા છે આ ૧૫ ટીસીને દર ગુરૂવારે ચેક કરવામાં આવે તો પાવરનો પ્રશ્ન હલ થાય, ડીયા તેમજ પીન નબળી પડે તો નાખવામાં આવે, પાવર બંધ કરતા પહેલા ડાયમંડ યુનીયનને જાણ કરવી જેથી હીરા મશીનરીમાં હોય તો તેમાંથી લઈ લેવામાં આવે જેથી હીરાને નુકસાન ન થાય અને અંદાજે પાવર કેટલો સમય બંધ રહે તેની માહીતી આપવી. લીલીયા સીટીમાં કોઈ પણ ટીસીમાં ફોલ્ટ હોઈ તો એકજ ટીસી બંધ કરવામાં આવે બાકીનાં ટીસી ચાલુ કરી દેવા જોઈએ, દર રવિવારે બે

અનુસંધાન પાના ૬ ઉપર

કોઈ અજાણ્યા ઈસમનું કારસ્તાન

સાવરકુંડલાની પરિણીતાનાં પર્સમાંથી ૪૩ હજારનાં મુદ્દામાલની ઉઠાંતરી

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૮

સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર આવેલ ઘનશ્યામ નગરમાં રહેતા રીનાબેન ભાવેશભાઈ હીરપરા નામની પરિણીતા ગત તા. ૧૩/૫ના રોજ સવારના સાડા નવેક વાગ્યે સાવરકુંડલા ગામે આઝાદ ચોકમાં આવેલ અક્ષર બ્યુટી પાર્લરમાં કામ કરાવવા માટે ગયેલ હતા અને સાડા બારેક વાગ્યાના સમયે તેણીનું બ્યુટીપાર્લરનુ કામ પુરૂ થઈ જતા તેણીએ પોતાના પર્સમાંથી કામ માટેના પેમેન્ટના રૂપિયા આપવાના હોય જેથી થેલીમાં જોતા પર્સ હતુ નહી. જે પર્સમાં સોનાનુ બ્રેસ્લેટ જેની કિંમત રૂપિયા ૩૭,૮૬૭ તથા રોકડા રૂપિયા ૫૫૦૦ મળી કુલ રૂપિયા ૪૩,૩૬૭ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

લાઠીનાં ભુરખિયા ખાતેથી સુકા પોસ્ટ ડોડાનો જથ્થો ઝડપાયો

૧.૮૬ લાખનાં મુદ્દામાલ સાથે ૧ ઈસમની અટકાયત

અમરેલી, તા. ૨૮

લાઠીના ભુરખિયા ખાતેથી સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા માદક પદાર્થ સુકા પોસ્ટ ડોડા (કાલા) નો જથ્થો ઝડપી લેવાતા ચકચાર મચી છે. એસઓજીએ ૫૯ કિલો ૮૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૧ લાખ ૮૬ હજાર અને ૧૪૦નાં મુદ્દામાલ સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ઘાટીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ક્રિસ્ટબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)